संगीत भगवद्गीता



सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ॥

अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

સંગીત

ભગવદ્ ગીતા.

રચી પ્રસિદ્ધ કરનાર,

જોશી જયરામ રવજી ભાગલીઆ.

રહેવાશી કચ્છ માંડવીવાળા.

(દોહરા.)

ગીતા ગીતા સૌ કહે, મર્મ ન જાણે કોય,
સાર ખરો સમજ્યા વિના, ઉર આનંદ ન હોય;
માટે હે મમ બંધુઓ, મનમાં ધરિને હામ,
પ્રીતેથી વાંચો તમે, એમ કહે જયરામ.

આવૃતિ ૧ લી પ્રત ૧૦૦૦

મુંબઈ.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

કીંમત રૂ. ૧--૦--૦

ધર્મ વિજય પ્રેસ પાયધુની નં. ૫૭૨ મુંબઈમાં દ. ભ. છાપ્યું.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર.

જોશી જયરામ રવજી ભાગલીઆ

રહેવાશી કુચ્છી માંડવીવાળા.

બહારકોટ કાંદાવાડીના નાકા ઉપર શેઠ ધરમશી
ભવાનજી હરભમના માળામાં પેહેલે દાદરે-મુંબઈ.

ધર્મ વિજય પ્રીન્ટીંગ પ્રેસ મુંબઈ પાયધોની, ગોડીજીની
ચાલ, દુકાન નંબર ૫૭૨ માં હરજીવન ભગવાને છાપ્યું.

અર્પણ પત્રિકા.

હરીગીત છંદ.

જગમાં પ્રસિદ્ધ પ્રભાવ પ્રિય, શુભ સંત જેને છે અતી,
પ્રતીપાલ ગૌ બ્રાહ્મણ તણા, આનંદ યુક્ત સદા મતી;
ઉત્પન થયા હરીકુલ વીષે, શુભ ધર્મસિંહ શું નામ છે,
અર્પણ કરૂં હું ગ્રંથ ગીતાનું, મહા ગુણવાન જે.
જ્ઞાતિ વિષે સંતોષ સાથ, વિવેકથી વર્તિ સદા,
પ્રતીદીન પરસ્પર કીર્તિ યશ ઉદ્‌ભવ થતાં દેખું તદા;
મુખવાકય પણ જેના મધુર, ગુણને કદી પણ ના તજે,
અર્પણ કરૂં હું ગ્રંથ ગીતાનું, મહા ગુણવાન જે.
અભિમાન પણ ઉર ના મળે, યશ કીર્તિ કે લક્ષ્મી તણું,
વૈભવ વિપુલમાં વર્તતાં, પ્રભુ સાથ સ્નેહ અતી ઘણું;
ઉચ્ચાટ પણ અંતર વીષે, તજીને રહ્યા સુખમાંજ જે,
અર્પણ કરૂં હું ગ્રંથ ગીતાનું, મહા ગુણવાન જે.
છે પૂર્વના પ્રારબ્ધનું બળ, પુન્ય યોગ્ય થકી બહુ,
જેના વડે આ જન્મમાં, પ્રત્યક્ષ ફળ પામ્યા સહુ;
સત્કાર પણ યોગ્યાધિકાર, થકી સદા કરનાર જે,
અર્પણ કરૂં હું ગ્રંથ ગીતાનું, મહા ગુણવાન જે.
આશીષ દઇ જયરામપણ, મુખ વચન એમ વદી રહ્યા,
એ ધર્મનું શુભ વંશ વધવામાં, પ્રભુ કરશો દયા;
વિશ્વાસથી નીજ ચરણને, આશ્રય કરી રહેનાર જે,
અર્પણ કરૂં હું ગ્રંથ ગીતાનું, મહા ગુણવાન જે.

લી. હું છું, આપને શુભેચ્છક,
જયરામ રવજી બાગલીઆ.

પ્રસ્તાવના.

પૂર્વે થઇ ગયેલા બુદ્ધિશાળી પુરૂષો જેવા કે રામદાસ, તુકારામ, બુવા, વિગેરે મહાત્માઓએ પોતાની સ્વભાષામાં શાસ્ત્રોના નીબંધ રચી જગત કલ્યાણને માટે મહેનત કરી ગએલા જોવામાં આવે છે, જેથી તેઓનું નામ અમર રહ્યું છે. દરેક જણને પોતાની સ્વભાષામાં તેમજ જમાનામાં ચાલતી રૂઢીના પદો ઉપર વધારે પ્રેમ લાગી તેઓ ઇશ્વર ભક્તી કરવાને સમર્થ થાય તેવા ગ્રંથો રચવામાં આવ્યા હોય તો રસીલા જીજ્ઞાસુઓને ઉત્તમ લાભ મળે. તે અનુસારે આપણા શાસ્ત્રોમાં સર્વોત્તમ એવો શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ગ્રંથ કે જેનો હમેશાં આપણે પુરસદ પ્રમાણે થોડો પણ પાઠ કરવાથી શ્રેષ્ટ લાભ મળે છે પણ તે સંસ્કૃતમાં હોવાથી દરેક સ્ત્રી પુરૂષોને સમજવામાં મુશ્કેલી પડે છે જેથી તે કવીતા રૂપે આ ગ્રંથમાં અમોએ જુદા જુદા રાગ રાગણીઓમાં અર્થ પ્રગટ કર્યો છે. જેના પદ મુખાગ્રે કરવાથી બાળથી વૃદ્ધ પર્યંત સર્વ જનોને લાભ મળે માટે આવું પુસ્તક દરેક ગૃહસ્થોએ પોતાની ગૃહસેવામાં પ્રવિષ્ટ કરવું. આ પુસ્તકના ઉત્તેજન તરીકે મુરબી શેઠ ધરમસી ભવાનજીએ દ્રવ્ય સંબંધી મદદ કરી છે માટે તેઓનો મહદ ઉપકાર માનું છું.

અગાઉથી આશ્રય આપી ગ્રાહક થનારા ગૃહસ્થોના મુબારક નામ આ પુસ્તકના છેવટના ભાગમાં આપેલાં છે.

લી. જોશી જયરામ રવજી ભાગલીઆ.

શ્રીમદ્ ભગવદ્ ગીતા મહાત્મ્ય.

શ્રી વિષ્ણુ ભગવાન પ્રત્યે પૃથ્વિ પુછે છે.

દોહરા.

ભોગવતાં પ્રારબ્ધને, જે જીવો નીરધાર;
કે રીતે નીજ ચરણમાં, વધે પ્રતિદિન પ્યાર.
કૃપા કરી સમજાવીએં, વર્ણન વિવિધ વીચાર;
આપ વીના બીજો નથી, એકે રક્ષણ હાર.

વિષ્ણુ ભગવાને પૃથ્વિને આપેલો જવાબ.

છપ્પો.

ભોગવતો પ્રારબ્ધ, કર્મ તેમાં પણ જો કે,
ગીતાનો અભ્યાસ, પાઠ કરીને અવલોકે;
સદા રહે સુખમાંય, મુક્ત તેને સૌ જાણો,
કર્મોથી નવ ક્યાંય, પ્રથમ દેખું બંધાણો;
વળી કમળપત્ર જળથી કદી, ભીંજાતું નવ દેખીએ,
તેમજ ગીતાભ્યાસથી, પાપ પ્રલય સૌ લેખીએ.

છપ્પો.

શુભ ગીતાનો ગ્રંથ, વસે જેના ઘરમાંહિ,
પાઠ નીરંતર થાય, તીર્થ પણ છે સૌ ત્યાંહી;

ઋષિ દેવ સૌ નાગ, પ્રભુ પાર્શદ સૌ આવે,
નારદ ઉદ્ધવ ગોપ, શ્રવણુ કરતાં સૌ ભાવે;
વળી જ્યાં ગીતાના શાસ્ત્રનું વિચાર વર્ણન થાય છે,
હું પણ નિશ્ચય ત્યાં સદા, વસું સત્ય કહેવાય છે.
ઉત્તમ ઘર પણ એજ, અધિક વહાલું મુજને છે,
પોષણ પણ ત્રણ લોક, તણું ગીતાજ કરે છે;
વિદ્યા પરમ અગાધ, શ્રેષ્ટ ગુણની શુભ દાતા,
અવિનાશી પણ એજ, અવર બીજો નહિ ત્રાતા;
વળી સુખદાયક સદ્દબોધની, વૃષ્ટિ જે કરનાર છે.
જયરામ કહે વિસ્તારથી, પાપ તણી હરનાર છે.

છપ્પો.

સ્વમુખ પ્રભુએ કહી, પાર્થને જે બહુ પ્રિતે,
ચીદાનંદ સ્વરૂપ, પ્રગટ અવનીધર ચીત્તે;
તત્વ રહ્યું ભરપુર, વેદ ત્રણનુંજ સમાઇ,
શાસ્ત્રોનું લઇ સાર, મુખે નીજ પ્રભુએ ગાઇ;
વળી અષ્ટાદશ અધ્યાયનું, પાઠ નીરંતર જે કરે,
સીદ્ધિ પ્રાપ્ત થયા પછી, મોક્ષપદે જન સંચરે.

છપ્પો.

પૂર્ણ પાઠ નવ થાય, તદપી અર્ધું પણ કરવું,
તે પણ શ્રદ્ધા થકી, ધ્યાન બીજું નવ ધરવું;
ઘર બેઠાં ગૌ દાન, તણું ફળ નીશ્ચય થાશે,
સંશય કંઇ ન લગાર, સત્ય કહું છું તુજ પાસે;

વળી ત્રીજા ભાગ તણું કદી, નક્કી પાઠ કરે નર,
નીશ્ચય ગંગા સ્નાનનું, પામે જીવ સદા ફળ.

રાગ પુનમ ચાંદનીનો.

છઠ્ઠા ભાગ તણો કોઇ, પાઠ કરે નર પ્રેમથી રે,
નીશ્ચય સોમયાગનું, ફળ પામે નીરવાણ,
ગીતા મહાત્મ્ય શ્રવણ કરશો, જન સૌ આ પ્રીતથી રે.

શાખી.

અષ્ટાદસમાંથી કદી, પઢે એક અધ્યાય,
રૂદ્ર લોક પામે ખરો, વસી રહે નર ત્યાંય;
ફરી પણ માનવ દેહ, ધરી રહેશે આનંદમાં રે,
મારાં વચન સત્ય માનો, અવની નીરધાર. ગીતા.

શ્લોક એક પણ જો કદી, પાઠ કરે નર જાણ,
માનવ થઇ ટકીને રહે, ઘણા વર્ષ પરમાણ;
છેવટ અર્ધ શ્લોક પણ, મુખે વદે મરજાદથી રે,
તે પણ ચંદ્ર લોકમાં, વસી રહે ચીરકાલ. ગીતા.

નીત્ય પાઠ કરીને રહે, નર ગીતાનો સાર,
ફરી જન્મ માનવ તણો, પામે તે નીરધાર;
ત્યાં પણ ગીતાભ્યાસ કરીને, મુક્તજ થાય છે રે,
મીથ્યા લેશ માત્ર પણ, ખોટું કંઇ ન લગાર. ગીતા.

મુખથી ગીતા એમ જો, કરે નામ ઉચ્ચાર,
શ્રેષ્ટ ગતીને પામશે, સત્ય વચન તું ધાર;

પાપી પણું ગીતાના, અર્થ થકી તરનાર છે રે,
પ્રભુની સાથ રહી, કરશે તે જન આનંદ. ગીતા.

ગીતા ધ્યાન ધર્યા થકી, જીવન મુક્ત થવાય,
નીશ્ચય દેહ પડયા પછી, જન સ્વર્ગે તે જાય;

નૃપતી કેક જનક આદી, પણ એ શુભ જ્ઞાનથી રે,
પામ્યા કીર્તિની સાથે, ભવસાગર પાર. ગીતા.

પાઠ પૂર્ણ જન જે કરે, મહાત્મ્ય કહી રહી જાય,
ગીતા પાઠ સમગ્રનું, વૃથા પરીશ્રમ થાય;

માટે સહીત મહાત્મ્ય ગીતા, પઢજો સૌ પ્રીતથી રે,
જેથી સર્વોત્તમ ફળ, પ્રાપ્ત તુર્તમાં થાય. ગીતા.

સુત ઉવાચ.

દોહરા.

પૂર્ણ પાઠ ગીતા તણું, શ્રદ્ધાથી કરનાર;
મહાત્મ્ય થકી ફળ મેળવે, ઉત્તમ એજ પ્રકાર.

દોહેરા.

વિગતેથી વર્ણન કર્યું, ગીતા મહાત્મ્ય તમામ;
ભૂલ ચુક માફી થવા, અર્જ કરે જયરામ.

ગીતા મહાત્મ્ય સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા.

શ્રી ગણેશાય નમઃ

અથ ધ્યાનં.

૧

શાર્દુલ વિક્રિડીત.

અર્જુનને સ્વમુખે કહ્યું ભગવતે, ગીતા તણું શાસ્ત્ર જે,
તે સર્વસ્વ યથા વિધિ રહ્યું હતું, વ્યાપી મહાભારતે;
અમૃત રૂપી રહસ્ય તે જગતમાં, વિસ્તીર્ણ વ્યાસે કર્યું,
અષ્ટાદસ અધ્યાયના વિષયમાં, કલ્યાણ અર્થે થયું.

૨

ઉપજાતિ

જેના પ્રતાપ થકી, દીપકની સમાન,
પામી પ્રકાશ રહ્યું ઉત્તમ એજ જ્ઞાન;
તે વ્યાસજીને ચરણે ફરીને,
આરંભના સમયમાં પ્રણમું ઢળીને.

૩

દોહેરા.

કલ્પવૃક્ષ સમજે સદા, કૃપાતણા કરનાર,
દયાસિંધુ શ્રી કૃષ્ણને, પ્રણમું વારંવાર. ૧

હાથે ચાબુક લાકડી, ધરી રહ્યા શણગાર,
શરણાંગતપર જેહને, પૂર્ણ રહ્યા છે પ્યાર. ૨
ઉપનિષદો સંગ્રહ કરી, કલ્પિ તેની ગાય,
વત્સ થયા અર્જુન વળી, અમૃત દોહ્યું જ્યાંય. ૩

૪

દોહેરા.

પ્રિય પુત્ર વસુદેવના, દેવકી જેની માત,
અંતરજામી કૃષ્ણને, વંદુ પ્રથમ સાક્ષાત. ૧
મુષ્ટિક ચાણુરમલ્લનો, જે કરનારા ઘાત,
જેણે મામા કંસને, હણ્યો પોતાને હાથ. ૨
જગ્તગુરૂ જગદીશ જે, વિશ્વતણા પ્રતિપાલ,
અર્જુનના શુભ સારથી, નમિએ શ્રી ગોપાલ. ૩

૫

ભુજંગી છંદ.

ભીષ્મ દ્રોણ રૂપી જેનો છે કિનારો,
જળ જયદ્રથ કલ્પનાથી વિચારો;
શિલા નીલ પાષાણ શકુનીજ વાળી,
દિઠા ગ્રુડ નૃપ શૈલ્ય તે ભાગ્યશાળી.
કૃપાચાર્ય રૂપી પ્રવાહો વહે છે,
રાજા કર્ણની ઓટ ભરતી ગૃહે છે;
અશ્વત્થામ વીકર્ણ જયાં મચ્છ મોટા,
દુર્યોધન રૂપે વડે નીર ગોટા.

રણભૂમિ આ પાંડવોની વખાણી,
બન્યા છે જેના કૃષ્ણ પોતે સુકાની;
તર્યા છે પ્રતાપે પ્રભુ સહાયતાથી,
વદે શ્લોક જયરામ એ નમ્રતાથી.

૬

શાર્દૂલ વિક્રિડીત

શ્રી ગીતામૃત આ રહસ્ય મધુરૂં, વ્યાસાદિકે વર્ણવ્યું,
આનંદે ઉછળી રહ્યું જગતમાં, સત્સંગીઓએ ગ્રહ્યું;
કેશર ચર્ચિ સુગંધ મનહર અતિ, આખ્યાન વિવિધે વળી,
અર્જુનના વિજયાર્થ કૃષ્ણ વદિને, સંતોષ સંગે જડી.

૭

દોહેરા.

મુંગો મુખ વાણી વદે, પગ વિણ પહાડ ચડાય,
ઇષ્ટ કૃપાળુ હોય તો, શું બાકી રહી જાય.

૮

શાર્દુલ વિક્રિડીત.

બ્રહ્મા ઇંદ્ર વરૂણ ને યમ વળી, શંભુ મહા મારૂતી,
દિવ્ય સ્તોત્ર વડે સ્તુતિજ કરતાં, જાણી ન અંતે ગતિ;
વેદો નેતિ કહી સમર્થ પ્રભુને, ગીતો વડે ગાય છે,
એવા જે પરિપૂર્ણ બ્રહ્મ તજીને, રે મૂર્ખ કયાં ધાય છે?

ઇતિ ધ્યાનં.

સંગીત ભગવદ્ ગીતા.

અધ્યાય ૧ લો.

પ્રારંભઃ

ધૃતરાષ્ટ્ર સંજયને પુછે છે.

૧

શાર્દુલ વિક્રિડીત.

રણભૂમિ કુરૂક્ષેત્ર બાબત વિષે, પૂછે ભલા પ્યારથી,
મારા સુજ્ઞ વિચારવત કહિ દે, સંજય રૂડા સારથી;
પાંડવથી મમ પુત્ર શુ કરી રહ્યા, વેગેથી જે કર્મ તે,
ઇચ્છું તે શ્રવણે સુણાવ મુજને, તારોજ છે ધર્મ તે,

૨

છપ્પો.

રણભૂમિનો ઠાઠ, જોતાં દુર્યોધન ભારી,
દ્રોણ ગુરૂની પાસ, વાત કહે છે વિસ્તારી;
સત્ય કહું મહારાજ, કહ્યું કેમ જાય મુખેથી,
દારૂણ યુદ્ધ પ્રસંગ, વિજય નવ થાય સુખેથી;
વળી આપતણા જે શિષ્ય તે, રચનામાં ભરપૂર છે,
જયરામ કહે વિસ્તારથી, દ્રુપદ સુત રણશૂર છે.

૩

છપ્પો.

અર્જુન ભીમ સમાન, પરાક્રમે જે સહુ પૂરા,
વૈરાટ, સાત્યકી નામ, ઉતરતાં નથી અધુરાં;
બળ પરાક્રમમાં પ્રૌઢ, કાશિ રાજાના જેવા,
પુરૂજિત કુંતિ ભોજ, સૈબી પણ ગણુંજ તેવા;
વળી અનેક મહારથીઓ તણા, નામ રૂપ જુજવા ગણું,
જયરામ કહે દૂર્યોધને, પછી સૈન્ય કહ્યું પોતા તણું.

૪

છપ્પો.

વંદુ પ્રથમ તે આપ, બીજા તે ભીષ્મજ જાણો,
કર્ણ ત્રીજા મહારથી, અંતરે વાત પ્રમાણો:
કૃપાચાર્ય ચતુર્થ પાંચમાં, અશ્વસ્થામા,
છઠ્ઠા શૂર વિકર્ણ, સાતમા ભુરીશ્રવા જયાં;
વળી મારા માટે પ્રાણ તે, દેતાં પળ એકવારમાં,
જયરામ કહે ગાજી રહ્યા, યશ જેના સંસારમાં.

૫

છપ્પો.

સૈન્ય આપણી તણા, મુખ્ય નાયક જે કહીએ,
ભીષ્મપિતામહ નામ, શરણ તેને સહુ રહીએ;

પાંડવ સૈન્યની માંય, વડા કહું જે અધિકારી,
ભીમ મહા બળવાન, ગદા જેણે કર ધારી;
વળી ભીષ્મપિતા સમદ્રષ્ટિથી, ઉભય પક્ષને પ્રિય ગણે,
જયરામ કહે કાયર થતાં, દુર્યોધન એવું ભણે

૬

છપ્પો.

માટે ગુરૂ મહારાજ ઉપાય એવા તો લીજે.
સર્વ થકી એ ભીષ્મ વૃદ્ધનું, રક્ષણ કીજે;
આજ્ઞા એવી થતાં, રહ્યા સહુ માર્ગ ધરીને,
રચના રચી અપાર, શત્રુ નવ જાય પૂરીને;
વળી દુર્યોધનના મન વિષે, ઉપજે શૂર ખરેખરો,
જયરામ કહે ભીષ્મે તહાં, સંખનાદ મોટો કર્યો.

૭

છપ્પો.

સુણી શંખનો નાદ, સુભટ ચમકયા ત્યાં ભારી,
રણુ તૂરી ભેરવી ભયંકર, રહ્યાં પુકારી;
ઘોર ગર્જના થતાં, રહી રણુભૂમિ ગાજી,
ઉપજ્યો શૂર અથાગ, રહ્યા ચમકી ત્યાં વાજી,
વળી તુમલ શબ્દના વેગથી, સામ્મત સહુ તત્પર થયા,
જયરામ કહે નાના વિધિ, શંખ નાદ ત્યાં કરી રહ્યા.

૮

શાર્દુલ-વિક્રિડીત.

અર્જુન કહે છે.

તત્પર યુદ્ધ વિષે થતાંજ, અર્જુન કહે કહું તે કરો શ્રીહરી,
મારા પ્રાણ સખા શ્રી કૃષ્ણ તમને, તસ્દી જ આપું ખરી;
મારી સનમુખ જે લડાઇ કરવા, શત્રુજ ઉભા ખરા,
તે સર્વે જનને જરા હું નિરખી, પછીથી કરૂં પાધરા;
માટે આ રથ બેઉ સૈન્ય વચમાં, સ્થાપન કરોને ઘડી,
પસ્તાવું ન પડે પૂરીથી મુજને, એ વાત નિશ્ચે નડી.

૯

હરિગીત.

સંજય કહે ધૃતરાષ્ટ્રને પછી, શું થયું તે સાંભળો,
સુણી આ વચન અર્જુન તણા, રથ કૃષ્ણે હાંકી ઉતાવળો;
રણભૂમિ મધ્ય કરી ખડો, પછી વાકય અર્જુનને કહ્યાં,
જોજો પ્રથાના પુત્ર આ, લડનાર જે સામા રહ્યાં.
વિસ્મય થયા જોતાંજ અર્જુન, ત્રાસ પામી ગયા મને,
નિજ ગુરૂ સખા શુભ બાંધવો, મામા શ્વસુર શ્યાલા અને;
અંતર વિષે ઉચ્ચાટ ધરતાં, વાણી અર્જુન શું વદે,
મહારાજ માફ કરો મને, દુઃખ થાય છે મારે હૃદે.
ધૃતરાષ્ટ્રને વાકેફ કરી, શુભ સારથી સંજય કહે,
કુંતીતણા સુત પાર્થ તે મનમાં વિચારી શું લહે.

૧૦

અનજારો.

નથી વિજય મેળવવો મહારે, શીદ યુદ્ધ કરૂં હું ત્યારે,
કંપે છે ગાત્રજ મહારાં, વહે નેત્ર વિષે જળ ધારા,
ત્વચા સહુ બળે કોને નવ કળે, થાય દુઃખ ભારે શીદ.
મુખમાંથી જતી રહી લાલી, સુંદરતા થઇ સૌ કાળી,
કરૂં શું હાય જીવ ગભરાય, થવા શું ધારે. શીદ.
અપસુકન થાય છે એવાં, કલ્યાણ કરે નહિ તેવાં,
વિધી થઇ વામ સૂચવે આમ, ખરેખર જયારે. શીદ.
આશા ન રાજ્યની રાખું, કોઇ દિવસ પડે સૌ ઝાંખું,
રાખજો સત્ય જાય નહિ પત્ય, ચડી મુજ વારે. શીદ.

૧૧

ઉપેંદ્રવજ્રા છંદ.

અંતે જવાનું સહુ નાશ પામી,
આશા સુખોની, કરવી નકામી;
કરવું ન કરવું પ્રભુને જ હાથ,
એ ઇષ્ટ પાસે જગ છે અનાથ.
ધાર્યું અમારૂં કંઇ કામ નાવે,
રાખે સુખી કે દુઃખથી રીબાવે.
એ કૌરવોને કદિ કાળ ખાય,
કુલાંગના સૌ વિધવાજ થાય.
વિધવા પણાથી વ્યભિચાર થાશે,
અધર્મની વૃદ્ધિ થતી જણાશે.

પિત્રુ ક્રિયા સહુ પલળી જવાની,
નિશ્ચય થકી તે નરકે જવાની.
પાપોતણા તે ફળ થાય કેવાં,
નિંદા કરાવે કુળનિજ તેવા.
ત્રૈલોકયનું રાજ કદિ ડુબાવો,
દુષ્કૃત્ય એવું કદિ ના કરાવો.
મારા પ્રભુ કૃષ્ણ કૃપા નિધાન,
અધ્યાય સંપૂર્ણ થયો પ્રમાણ.

૧૨

દોહેરા.

સંજય કહે ધૃતરાષ્ટ્રને, અર્જુન થઇ લાચાર,
ચાંપ બાંણ ફેંકી કરી, જઇ બેઠા રથ બાર. ૧
નેત્રોમાંથી અશ્રુની, વહી ચાલી છે ધાર,
જયરામ કહે તે સમયમાં, કૃષ્ણ વધ્યા તે વાર. ૨

અધ્યાય ૧ લો

સંપૂર્ણ.

અધ્યાય ૨ જો.

પ્રારંભઃ

૧૩

દોહેરા.

આંખોમાંથી આંસુની, વહી ચાલી ચોધાર,
દેખી મુખ અર્જુન તણું, પ્રભુએ કર્યો વિચાર. ૧
શૂરો પણ કાયર ખરો, યુદ્ધ કરે એ કેમ,
રચના તો એવી રચું, મટી જાય સૌ વહેમ. ૨
જ્ઞાનામૃત સિંચ્યા વિના, શંકા દૂર ન થાય,
અર્જુનને કૃષ્ણે કહ્યું, શું દુઃખ તુજને રાય. ૩

૧૪

સારંગ.

દુઃખ શુરે થયું તુજને વાલા,
અમથા ન કરીશ એવા ચાળા. દુઃખ.
વાત કહી દે તું સહુ સાચી,
શોચ ન કર મનમાં ઠાલા. દુઃખ.

૧૫

ભુજંગી છંદ.

પિતા ભિષ્મને જે ગુરૂ દ્રોણ મારા,
અમારૂં ભલું જે સદા ઇચ્છનારા;
ઉગામ્યું ન જેના પરે શસ્ત્ર જાય,
નિજ હાથથી તે કદિ શું હણાય.

ન કલ્પિ ગુરૂ શિષ્યની કયાં લડાઈ,
ન ખોટી કરૂં હું મુખેથી બડાઇ;
ગુરૂને વધેથી મહા પાપ લાગે,
એવી તે વ્યથાને કહો કોણ માગે.

દશા કર્મની જો કદિ હોય પડતી,
થશે દુષ્ટ પાપો વિષેમાં પ્રવર્તિ;
છોડી રાજ્યને જો કદિ ભીખ માગું,
પરંતુ એવા કૃત્ય કરવા ન લાગુ.

દ્વિજ લોહીથી ભૂમિ આ દગ્ધ થાય,
સુખ સંપત્તિ સર્વ ત્યાંથી સમાય;
રાજા રાવણે તો વિચારી ન જોયું,
રૂધિરના પ્રતાપે સહુ રાજ્ય ખોયું.

ધન લોભથી કૌરવો કર્મ ચુકી,
રહ્યા છે રણે મસ્તકો દૂર મૂકી;
વિજય મેળવે જો કદિ બંધુ મારા,
ભજું હું સુખે આપના ચર્ણ પ્યારા.

રહ્યા છે શરણુ દાસને એમ જાણી,
કહે પાર્થ અંતર વિષે પ્રેમ આણી;
સુણી પાર્થના ગુપ્ત એવાજ પ્રશ્ન,
થયો મોહ એવુંજ જાણ્યું શ્રી કૃષ્ણ.

સાંખ્યયોગનો ગરબો.

૧૬

રાગ પુનમ ચાંદની.

કરવો શોચ ઘટે અહીંઆં તે, તું કરતો નથી રે,
ખોટી પંડિતાઇની, કરી રહ્યો છે વાત,
કાયરપણું ન આવું શોભે રણસંગ્રામમાં રે.
છૈયે હાલ આપણે આગળ પણ હૈસું ખરા રે,
ફરીને થઇશું એ તો, નિશ્ચય છે નિર્વાણ. કાયર.

સાખી.

પહેલું બાળપણું ખરૂં, બીજી જુવાની જાણ,
ત્રીજું છે ઘડપણ અને, ચોથું અંત પ્રમાણ.
સમજી સત્પુરૂષો એમાં તો કંઇ પડતા નથી રે,
હેતે હરિ ચરણમાં, ધરી રહ્યા છે પ્યાર. કાયર.
તાઢ અને તડકો વળી, સુખ દુઃખનેજ સમાન,
અનુભવતાં સમદ્રષ્ટિથી, એજ ખરા ગુણવાન.
આવે જાય ફરીને સુખ સૌ, આ સંસારના રે,
તેનો શોચ કરે તે, જન મૂરખ કહેવાય. કાયર.

મુદત થતાંની વારમાં, દેહ તુર્ત પડી જાય,
પણ એ આત્માનો કદિ, નાશ કયાંય નવ થાય.
માટે તત્પર થા તું, યુદ્ધ વિષે આણી ઘડી રે,
એવું અર્જુનને બોલ્યા છે શ્રી ભગવાન. કાયર.
જુનાં વસ્ત્ર ત્યાગીને, નવા ધરે નર જાણ,
તેમજ અન્ય શરીરમાં ગતિ કરે છે પ્રાણ.
પ્રાણી માત્ર વિષે એ, અવિનાશિ વ્યાપી રહ્યા રે,
મારા વચન સત્ય એ માનો સૌ પરમાણ. કાયર.

૧૭

શાર્દૂલ વિક્રિડીત.

જેને શસ્ત્ર કદિ ન ભેદી શકતું, અગ્નિ નથી બાળતો,
ભીંજાતું નથી જે ખરા જળ વિષે, પવને ન સુકી જતો;
દ્રષ્ટિથી ન જણાય આ જગતમાં, સર્વ સ્થળે છે ભર્યો,
એવા તે અવિનાશી વ્યાપક વિષે, સંશય શું રાખી રહ્યા.

૧૮

ત્રિતાલી ચોપાઇ.

આત્મા સ્વરૂપ અચળ અવિનાશી,
વારંવાર કહ્યું મેં પ્રકાશી;
મનવાણીથી જ્યાં ન પહોંચાય,
ગતિ કરતાં ન જાણી શકાય.

૧૮

પૂર્વ કર્મ તણે અનુસાર,
જીવ પામે વિવિધ અવતાર;
પ્રારબ્ધ યોગ પુરોજ થાય,
અન્ય દેહ વિષે ત્યાંથી જાય.
એણી પેરે ભ્રમણ જીવ કરતાં,
જન્મ ધરીને ફરી દેખું મરતાં;
પાર્થ સમજુ થઇને તું જયારે.
યુદ્ધ કરવું પાછી એમ કયારે.
ક્ષત્રિય ધર્મ એવો કહેવાય,
શત્રુ રણમાં જીતી નવ જાય;
યુદ્ધ કરતાં કહિ જશો હારી,
નિંદા જગતમાં થાશે તમારી.
ભલું રણમાં લડયા થકી થાય,
સ્વર્ગનું સુખ પામે તે રાય.

૧૯

ભુજંગી છંદ.

હણાશો કદિ, યુદ્ધમાં એ પ્રસંગે,
સુખ ભોગવો, સ્વર્ગમાંહી ઉમંગે.
કદિ શત્રુ હારી તમારાથી જાશે,
યશ જગતમાં, આપના તો ગવાશે.
હવે પાર્થ માનો, કહ્યું સત્ય મારૂં,
ભલું નિત્ય ઇચ્છી રહ્યો છું તમારૂં.

૧૯

ન લાગે કશું. પાપ કે પુન્ય જ્યારે,
વ્યથા સર્વ છોડી, કરો યુદ્ધ ત્યારે.
નકી માનજો વાત, સાચી અમારી,
સ્વધર્મે કરી, કિર્તિ વધશે તમારી.

૨૦

વસંત તિલકા.

નાના પ્રકાર થકી જ્ઞાન કહ્યું મુખેથી,
સંશય તમારા ન ગયા સુખેથી;
અંતર વિષે ભક્તિ પ્રકાશ થાય,
તો દુઃખ સર્વે મનના સમાય.

માટે ધરી ધૈર્ય સમાન વૃત્તિ,
રાખો હરીના ચરણે પ્રવૃત્તિ;
કર્મો થકી શુદ્ધ કરો સ્વભાવ,
જાણી રહો ઇશ્વરનો પ્રભાવ.

જે કર્મથી ઇશ પ્રસન્ન થાય,
તે માર્ગમાં વૃત્તિ રહો સદાય;
ચિત્ત સ્થિરે સંત મુને ભજે છે,
તે જીવ પાપો સહુને તજે છે.

અર્જુન ઉવાચ.

૨૧

દોહરા.

મન જેનું સ્થિર છે સદા, એવા જે મુનિરાજ,
અનુક્રમે તે સર્વનાં, લક્ષણ કહો મહારાજ.

શ્રી ભગવાનુવાચ.

૨૨

રાગ પુનમ ચાંદની.

વૃત્તિ રોકી છે જેણે, વિષયોમાંથી નકી રે,
અનુભવતાં સુખ, અંતરમાંજ સદા નિરવાણ,
અર્જુન સ્થિર બુદ્ધિ વાળા તે જનને જાણીએ રે,
પડતાં દુઃખ વિષે, મન શોચ કદિ કરતા નથી રે.
તેમજ સુખ માની, નવ હર્ષ ધરે મનમાંય. અર્જુન.

શાખી.

ક્રોધ અને ભય જેહની, પાસ કદિ નવ જાય,
તે પુરૂષો સ્થિર બુદ્ધિના, સમજ પાર્થ મનમાંય.
કમઠની પેઠે સર્વેંદ્રિય, વશ રાખી જે રહ્યાં રે,
ઉત્તમ મધ્યમ વસ્તુમાં, જેનો સમભાવ. અર્જુન.

અપવાસેથી ઇંદ્રિયો, શાંત પડી સહુ જાય,
તે અનુસારે યોગીઓ, વર્તિ રહ્યાં સદાય.
છતાં મન બળાત્કારે ખેંચે છે વિષયો ભણી રે,
રાખી વશ તેને સાધન કરી જો તું રાય. અર્જુન.
બુદ્ધિ વિષયોમાં જતાં, સંગ થવા મન ચહાય,
કામેચ્છા ઉત્પન થતાં, સત્વર ક્રોધ ભરાય.
ક્રોધથી મોહ થવામાં વાર કશી લાગે નહીં રે,
નક્કી ગફલતનું મૂળ, કારણ એ કહેવાય. અર્જુન.
યાદગીરી ઓછી થતાં, મતી મંદ થઇ જાય,
પ્રાપ્ત થતાં એવી ગતી, નાશ તુરતમાં થાય.
પરાભવ પામેલો જીવ, શત્રુથી જીતાય છે રે,
માનો સત્ય વચન મારાં, સો એ પરીમાણ. અર્જુન.

૨૩

હરિગીત.

વૈરાગ્યશાળી પુરૂષની મતી, વિષયમાં ફરી જાય તો,
શાંતિપણાના ગુણ થકી, સર્વેંદ્રિયો વશ થાય તો;
નિગ્રહ કરેલી ઇંદ્રિયો, શુભ લક્ષણે વર્તે સદા,
આનંદમાં વૃત્તિ રહે, સુખ એથી બીજું શું તદા.
એવું થવામાં પ્રથમ તો, સત્સંગનીજ જરૂર છે,
તેથી કૃપા પ્રભુની થતાં, પછી કોની શું મગદૂર છે;
નવ થાય એવું જ્યાં સુધી, અપૂર્ણ સાધન જાણજો,
વિશ્વાસ તેનો મન કદિ, નિશ્ચય કરી નવ આણજો.

ટકી ના શકે એવું તપોબળ, ધૈર્યવાન વિના કદી,
સુણુ પાર્થ આ વચનો સહુ શુભ શાસ્ત્રમાંથી કહ્યાં વદી;
નાકાતણો માલમ કદી, હીણુ બુદ્ધિનો વળી હોય તો,
જયરામ કહે ભવસાગરે, નિજ માલ સત્વર ખોય તો.

૨૪

કવ્વાલી.

કશી પીડા નથી જેમાં વિવેકી માર્ગ લાગે છે,
એવી રાત્રિ રૂડીમાં તો, અનુભવીઓજ જાગે છે. કશી.
એથી ઉલટી સ્થિતિ ધારો, જેમાં દુઃખ દ્વેષનો ભારો,
નીશા એ જાણીને ખોટી, ઋષિ લોકોજ ત્યાગે છે. કશી.
નદીનાં પૂર સહુ વહીને, નીચી જળમાંહી પેસે છે,
તજી મરજાદ નહીં વધતાં, ગંભીરતાને ન મૂકે છે. કશી.
વિષય ઇચ્છા તણી મોટી, કદિ સૈન્યાઓ આવે છે,
નથી ડગતું જ મન જેનું, અને સ્થિરતા ન ભાંગે છે. કશી.
ટળી ગઇ વાસના દિલની, પ્રભુ ગુણ નિત્ય ગાએ છે,
પછી પણ મોક્ષપદ મળતાં, સુખ બીજું શું માગે છે. કશી.
કહે જયરામ ભક્તિથી, પ્રભુ પાસે બીરાજે છે,
અનુભવ સિદ્ધ છે વાતો, ન ખોટું કયાં મનાયે છે. કશી.

અધ્યાય બીજો

સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૩ જો
પ્રારંભઃ

શ્રી ભગવાન પ્રત્યે અર્જુને કરેલો પ્રશ્ન.

૨૫

વારી જાઉં રે સાવરીયા તોપે વારણા રે—એ રાગ.

વિજય મેળવશો કર્મોથકી, કહો છો કયારના રે,
વાત સર્વ સાચી હું માનું, અંતર ભેદ કશું નવ આણું,
પણ યુદ્ધ કરો એ શબ્દ, ન લાગે પ્યારના રે. વિજય.
કેશવ નિશ્ચય કરી અમારૂં, કહો આપ મનમાં જે ધાર્યું,
રહ્યા છો ઘાટ ઘડી, લડવાના શું અત્યારના રે. વિજય.
પ્રશ્નોના ઉત્તર પ્રભુ આપો, મટાડવા મનના સંતાપો,
છો વ્યાપક અંતરજામિ, ઇષ્ટ જયરામના રે,
વિજય મેળવશો કર્મો થકી, કહો છો કયારના રે. વિજય.

શ્રી ભગવાનુવાચ.

૨૬

ડરમાં તું દિલ સાથ—એ રાગ.

કરી લે તું કર્મ નિજ હાથ,
પાર્થ કરી લે તું કર્મ નીજ હાથ,
સંશય ન લાવ મન સાથ. પાર્થ.

એ માર્ગ જે મુખથી મેં કહ્યા છે,
જ્ઞાનેથી ઇશ પ્રસન્ન રહ્યા છે;
આધિન કર્મે યોગિને થયા છે,
પ્રેમથી જપે એમ નિજ નાથ. પાર્થ.

કર્મ ક્રિયા જે થવાની તે થાશે,
પ્રકૃતિનો ગુણ તુર્ત જણાશે;
એક નિમીષ કદી ના રહેવાશે,
માટે મન વશ રાખી સાક્ષાત. પાર્થ.

૨૭

મજા દેતે હય ક્યા યાર તેરે બાલ ઘુંઘર વાલે—એ રાગ.

અર્જુન વિવેકથી મન સાથ, ઇંદ્રિયો પ્રમાણથી સૌ ચાલે,
પ્રમાણથી સૌ ચાલે. સર્વથી સુખ અધિકું તે મહાલે ટેક.

ક્ષત્રિય તણો જે ધર્મ, તે જાણ પાર્થ નીજ કર્મ,
એમાં ન ધરી કંઇ શર્મ, એવું એ માર્ગ કદી તું ઝાલે.
અર્જુન૦

ઇચ્છા ફળની નવ રાખે, પડેલા સુખ દુઃખને જે સાંખે,
વૃત્તિ વિષયોમાં નહીં નાખે, દ્રષ્ટિ સમાનથી તે ભાળે.
અર્જુન૦

પ્રભુ પ્રિતે યજ્ઞ ન કરતાં, અન્નથી ઉદર પોતાનું ભરતાં,
પછી પાપ એજ ત્યાં નડતાં, દિવસો દરિદ્રતામાં ગાળે.
અર્જુન૦

૨૮

રાગ સિંહાનો કનરો.

શું કહ્યું છે જુઓ શાસ્ત્ર વિચારી,
વચન વિધાતાના લેજો સ્વિકારી. શું કહ્યું.
સેવન યજ્ઞો તણું નિત્ય કીજે,
અધિકાર મેળવીને અન્ન લીજે. શું કહ્યું.
ઇચ્છિત ફળ દેવ જીવને જ આપે,
નહિ કરતાં બુડશે એજ પાપે. શું કહ્યું.
શરીરના સ્વાર્થે જો અન્ન રંધાય,
પાપોના ગ્રાસ દેખીતા ભરાય. શું કહ્યું.

૨૯

રાગ પ્રભાત.

અન્નના રસ થકી પ્રાણી પેદા થયા,
અન્ન વરસાદ પડવાથી પાકે— ટેક.

આહુતિ દેવતાઓને પહોંચ્યા વિના,
આશ પરજન્યની વ્યર્થ રાખે. અજ્ઞના.

યજ્ઞ આધિન કર્મો કરો તે વડે,
ના મળે ખર્ચતાં દ્રવ્ય લાખે. અજ્ઞના.

ઉદ્‌ભવ કર્મનું વેદમાંથી લહો,
વ્યાપી વેદો રહ્યાં જ્ઞાન સાંખ્યે. અજ્ઞના.

અક્ષર બ્રહ્મ તે જાણુ અવિનાશીને,
રૂપ જેનું ન જોવાય આંખે. અજ્ઞના.

દાસ જયરામ રહસ્ય ગીતા તણું,
મુખ વદી પ્રેમ અત્યંત ચાખે. અજ્ઞના.

૩૦

ભુજંગી છંદ.

એવી રીતથી આ દીસે ચક્ર ફરતું,
અધર્મે કરી જીવ દેખું વિસરતું;
વિષય ભોગવે જે ઘણાં પ્રેમ આણી,
જશે ભૂલી આ માર્ગને સહેજ પ્રાણી;
શરીરાભિમાની વૃથા જન્મ ખોશે,
કહે પાર્થ તેને વળી કોણ રોશે.
નીજ રૂપમાં જે સુખે દીન ગાળે,
થશે ના કદી તે દુઃખી કોઇ કાળે;
પ્રથા પુત્ર એવા જનો જે કહાવે,
ન કર્મો કરે તો ન કંઇ બાધ આવે;

રહ્યા મુક્ત સંસાર સંબંધમાં તે,
ન પામે વ્યથા ચિત્ત જેનું સદા તે.
રહી વૃત્તિ સર્વ સ્થળે છે સમાન.
કહ્યું મેં મુખે વાકય તે સત્ય માન;
ન વસ્તુ એવી સૃષ્ટિમાં કયાંય સરજી,
જેને દેખી મુજ ભક્તની થાય મરજી;
બિરાજો સદા અંતરે નાથ પ્યારા,
રચે છંદ જયરામ રૂડા તમારા.

૩૧

અજી સાહેબ નતીજા મીલ જાયગા—એ રાગ.

ધરો ધરો સ્વધર્મ ઉપર પ્રિતિ,
તજશો ન સ્વકુલની જે રીતી. ધરો ધરો.
જુવો ફરી ઇતિહાસ જનકનો,
એજ માર્ગથી ખાસ ગયા જુગમાં જીતી. ધરો ધરો.
રાખી રહ્યો વિશ્વાસ તુમારો,
કેમ બગાડું કાજ વચનની એ રીતી. ધરો ધરો.
શ્રેષ્ટ પુરૂષો જે રીતેથી વર્તિ,
રહ્યાં જગમાંય પ્રજા તેવું કરતી. ધરો ધરો.
ના કર ચિંતા વ્યર્થ નકામી,
શુરાના સરદાર નામની કર કીરતી. ધરો ધરો.

૩૨

કવ્વાલી.

થયું ના હોય કંઈ મારે, નથી બાકી રહ્યું કરવું,
ન ત્રુટે માર્ગ નિતિનો, નકી તે કર્મ આચરવું. થયું ના.
ન દેખી ચીજ કોઇ ભારે, લેવા દિલ મારૂં તે ધારે,
જગત કલ્યાણને માટે, પડે છે જન્મ તો ધરવો. થયું ના.
ચરિત્રો હું કરૂં જેવાં, જનો જોઇ વર્તશે તેવા,
ધરૂં આળશ્ય જો અંગે, પડે મારે ફરી શ્રજવું, થયું ના.
કરૂં નહીં કર્મ હું પ્યારા, જશે થઇ ધર્મ સૌ ન્યારા,
હણાશે જગત તે પાપે, તેથી મારે જ કંઇ કરવું. થયું ના.
કહે જયરામ નીજ મુખથી, રહો સંસાર આ સુખથી,
હરીને યાદ કર અલ્યા, ફરી પડશે ન અવતરવું. થયું ના.

૩૩

શાર્દુલવિક્રીડીત.

અજ્ઞાની જન કર્મમાં ફળ તણી, આશા ધરીને કરે,
જ્ઞાનિ પણ તે રીતથી વર્તતાં ઇચ્છા ન બીજી ધરે;
સત્કર્મો ટકીને રહે, જગતમાં સમઝાવતાં તે ફરે,
પણ પોતે નિષ્કામ વૃત્તિ, ધરીને સંસારમાંથી તરે;
કર્તા છું એમ માનતો, જન વળી અહંકારમાં સંચરે,
તે યોગે અધિકાર નિષ્ફળ થતાં, સંતાપ તેને નડે.

૩૪

હરિગીત.

સુણ પાર્થ આ વચનો સહુ, નીજ મુખ થકી જે મેં કહ્યા,
જેનું શ્રવણ કરતાં જનો, સંસારમાં સુખીયા થયા
અજ્ઞાનથી મુજ વાકયનો, ઉપયોગ જે કરતાં નથી,
નિશ્ચય કરી જન અધમ તે, ભવાબ્ધિને તરતા નથી.
વશ પ્રકૃતિને થઇ કદાચિત, જ્ઞાની પણ ભૂલે કદી,
કરી શું શકે ઇંદ્રિય તણો નિગ્રહ. તથાપી ત્યાં સુધી.
જેમાં ભરેલા છે ઘણા ગુણ રાગ દ્વેષ તણા અતિ,
શુભ માર્ગમાં રહેનારની, એ પાપથી વણશે મતિ.
સૌથી ભલો સ્વધર્મ તે, શ્રદ્ધા થકી સેવો સદા.
ઉલટી સ્થિતિ પરધર્મની, ભય પામશો તેમાં તદા.
કલ્યાણકારક જાણીએ, નિજ ધર્મને અંતર વિષે,
મરવું ભલું એ માર્ગમાં, પણ ના જશો એની દિસે.
સમર્થ વાકય પ્રભુ તણા, મતી મંદ હું સમજું નહીં,
ગુણ દોષની માફી થવા, જયરામ અર્જ કરે અહીં.

૩૫

ઉપજાતિ.

વસતું નથી મન વિષે, વળી પાપ જેને,
ને ઘોર કૃત્ય કરવા ગમતા ન તેને;
એવા પુરૂષ અવિવેકી થતાં જણાય,
કારણ સહિત કહી દ્યો પ્રભુ તે ઉપાય

૩૬

ખ્યાલ.

કામ ક્રોધ એ રૂપી શત્રુએ, વશ કીધાં સૌ નર નારી,
જે જન એના પડ્યા ફંદમાં, રહ્યા ભોગવી લાચારી.
ઢંકાણો અગ્નિજ ધુમાડે, દર્પણ તે વળી રજકણથી,
અને ઓરમાં ગર્ભ સમાયો, જ્ઞાન ગયું અજ્ઞાન થકી.
કાયા નગરી તણો રાજીઓ, જાણ ભાઇ તું મંજીને,
ઇંદ્રિય વર્ગ સહુ નોકર છે, રહે પાર્થ મન સમજીને.
શ્રેષ્ટ બુદ્ધિ તે પ્રધાન જાણો, લશ્કર છે જ્યાં કામ તણો,
હુકમ પ્રમાણે અમલ કરે છે, અધિકારી ગુણ આત્માનો.
શસ્ત્ર ધરી કરમાં શાન્તિનો, કામ શત્રુ સત્વર હણીને,
મુક્ત થયો તું જાણ ખરેખર, રહી પીડા ન પછી ધણીને.
રચી ખ્યાલ જયરામ ગાય છે, ખરી કૃપા શ્રીકૃષ્ણ તણી,
અધ્યાય ત્રીજો સંપૂર્ણ થયો, વિગતેથી સંગીતમાં જ ભણી.

અધ્યાય ત્રીજો

સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૪ થો.
પ્રારંભ:

શ્રી ભગવાન અર્જુન પ્રત્યે કહે છે.

૩૭

સીતાજીની બારમાસીનો રાગ.

ધોરણસર આ અત્યુત્તમ જ્ઞાન, અવની પર આવ્યું રે.
વર્ણન કરીએ તેનો ઇતિહાસ, અહીં કોણ લાવ્યું રે.
મારે મુખથી કહ્યું એક વાર, ભાનુને પ્રકાશી રે,
તેજ યોગ પૂરી મનુ પાસ, આવ્યું સુખ રાસી રે.
જાણ્યું એક્ષ્વાકુવે તેણી વાર, એ તો અવિનાશી રે,
પછી નષ્ટ થયું એ તો જ્ઞાન, રહ્યો હું ઉદાશી રે.
રાખું ભેદ ન જેથી લગાર, સખા શુભ ધારી રે,
છાની રહેલી જે ગુપ્ત જ વાત, કહી છે વિસ્તારી રે.

૩૮

મારા રે સ્વામી બોલોને વહાલા—એ રાગ.

સાચું માનું કેમ હું તો પ્યારા,
એમાંથી તો પ્રશ્નો ઉઠે ન્યારા. સાચું.

આદિ અંતે સૂર્ય હું તો ધારૂં,
પછી આપ જન્મ્યા તો છો વારૂં. સાચું.
હશે કહ્યું સૂર્યને તો કયારે,
સંશય મારા મનમાં એનો ભારે. સાચું.
ઉત્તર પ્રભુ અનુક્રમે દીજે,
રાખી દાસ શરણે પછી લીજે. સાચું.

૩૯

લાવણી.

શી વાત જન્મની, કહું પાર્થ વિસ્તારી,
પામી શકયા ન કોઇ, પાર મુનીશ્વર ભારી.
જેને હું જાણી રહ્યો, અન્ય નવ જાણે,
વેદો પણ નેતી કહી, રહ્યા જ વખાણે.
હું સૃષ્ટિનો સૃજનાર, જગતનો સ્વામી,
માયા બળથી અવતાર, રહ્યો છું પામી.
વખતો વખતે થઇ. જાય ધર્મની હાણી,
તે સમય થાય અવતાર એજ એંધાણી.
મુજ ભક્તોનું કલ્યાણ કરૂં તે માટે,
કરી પાપીનો સંહાર લગાડું વાટે.
સ્થાપન ધર્મોનો કરી, વિરામ જ પામું,
હું વખત ગાળતો નથી કદી જ નકામું.
યુગ યુગ અંતે અવતાર, પાર્થ એમ જાણો,
કહે લખી વાત જયરામ સત્ય પરમાણો.

૪૦

શાર્દુલવિક્રિડીત.

મારા જન્મ ચરિત્રને, ગુણતણા જે ગાન નીત્યે કરે,
તે સર્વે સુખ ભોગવે જગતમાં, શાંતિ સ્વભાવે ધરે;
તે શાંતિ મળતાં અવશ્ય હરીને, પ્રિતિ પણાથી ભજે,
અંતે પણ પદ મોક્ષનું મળી જતાં, ભવના ભયો તજે.

૪૧

દોહરા.

રહ્યો મુક્ત ભય ક્રોધથી, વ્યથા ન પામે સાર,
તે જન આ ભવસાગરે, વિના શ્રમે તરનાર. ૧
પ્રિય ગણી મુજને ભજે, અને ધરી શુભ નેમ,
વહાલો તે મુજને સદા, હું પણ ભુલું કેમ. ૨
રાખું હું જે રીતથી, તેમ રહે સંસાર,
પ્રાણી પદાર્થ સર્વમાં, વસું ધરી વિસ્તાર. ૩
ફળ મેળવવા કર્મના, અન્ય ઉપાસે દેવ,
સત્વર આ જગમાં મળે, તેનાં ફળ તતખેવ. ૪
કરી વિભાગ ગુણ કર્મના, સૃષ્ટિ રચી મેં સાર,
ચાર વર્ણ તેના કર્યા, પૂર્ણ ધરીને પ્યાર. ૫
જગ કર્તા હું સર્વનો, છતાં અકર્ત્તા જાણુ,
એ માફક જે વર્ત્તશે, ભક્ત ખરો નિરવાણ. ૬
મન સમજી એવું નકી, પૂર્વે પણ મુનિ જન,
વિજય કર્મથી મેળવી, કિર્તિ કરી પ્રસન્ન. ૭

૪૨

ઉપજાતિ.

શાસ્ત્રો તણા અર્થ કરી બતાવે,
પંડિત મોટા જન જે કહાવે.
કર્મો તણું અર્થ નકી ન થાય,
અકર્મ તેથી શું પછી પઢાય.
ચિંતા ન ધરશો મનમાં કદાપી,
સન્મિત્ર મારા કહું છું તથાપી.
રસિક છે કર્મ તણી કથાય,
પણ યોગ્ય રીતે કળી જો શકાય.
વિકર્મનું એમજ પાર્થ જાણ,
વદીસ હું સત્ય ખરૂં પ્રમાણ.
રહસ્ય એનું વળી છે અનંત,
એ માર્ગને જાણી શકે જ સંત.
રાખો ન મનમાં કશીએ ઉદાસી,
વિશ્વાસ રાખો ચરણે પ્રકાશી.

૪૩

રાગ હીંચનો.

જ્ઞાન દ્રષ્ટિએ વિચારી દીધાં છોડી,
સંકલ્પ જ્ઞાન દ્રષ્ટિએ વિચારી દીધાં છોડી.
કરી દગ્ધ કર્મ રહે અંતરે ઉમંગથી,
ત્રૈલોકયમાં મળે ન તેની જોડી. સંકલ્પ.

આશ્રય વિનાનો પરિપૂર્ણ પ્રેમ રાખતો,
જતું સ્થિર ચિત્ત કયાંય નવ દોડી. સંકલ્પ.
કર્મમાં પ્રવર્ત્ત ભલે થાય જો કદાપિ,
બાધ લાગે નહીં જ એક કોડી. સંકલ્પ.
ઇશ્વરી ઇચ્છાય થતું લાભ કે અલાભ તો,
સખા સિદ્ધતા પડે ન કદિ મોળી. સંકલ્પ.
શીતળતા ઉષ્ણ સુખ દુઃખને સમાનથી,
અદેખાઇથી મતી ન થાય ભોળી. સંકલ્પ.
સંગ્રહ કર્યાની વાત કશીએ ન જાણતો,
જેને કામ વાસનાઓ નાખી ચોળી. સંકલ્પ.
મુક્ત થયો જાણ પાર્થ તે ખરા પુરૂષને,
મળી હોય જ્ઞાનરૂપી જેને હોડી. સંકલ્પ.
ગ્રહી ચર્ણ દાસ જયરામ એમ વિનવે,
મતિ મંદથી કહી મેં વાત થોડી. સંકલ્પ.

૪૪

છપ્પો.

બ્રહ્મ શબ્દમાં છેક રહ્યું છે સર્વ સમાઇ,
અર્પણને તું જાણ, બ્રહ્મ જુગતેથી ભાઇ;
સ્વરૂપ અગ્નિ તે બ્રહ્મ આહુતિ બ્રહ્મ જ જાણો,
હોમે તે પણ બ્રહ્મ વાત એ સિદ્ધ પ્રમાણો.
વળી યજ્ઞ વડે ફળ થાય તે, મળે સ્થાન એના થકી,
જયરામ કહે નિશ્ચય કરી જાણ બ્રહ્મ તું તો નકી.

૪૫

છપ્પો.

કેક યોગીઓ દૈવ યજ્ઞથી બ્રહ્મ ઉપાસે,
જ્ઞાની પણ લય કરે બ્રહ્મમાં વિના પ્રયાસે,
શ્રોત્ર વિષય સંયમી લીન મનમાંય કરેછે,
શબ્દ વિષયનો હોમ ભોગી વખતેજ ધરેછે,
વળી નાના વિધી ચેષ્ટીત સહુ કર્મ ગણોજે પ્રાણના,
જયરામ કહે સંક્ષેપમાં જાણ ધર્મ સૌ આત્મના.

૪૬

છપ્પો.

અપાન વાયુ પ્રાણ પ્રાણમાં અપાન હોમે,
પ્રાણાયામ પ્રકાર પરાયણ થઇ પરખોને,
નીમીત અહારી પણ પ્રાણયજ્ઞ કરતાં કંઇ દીઠાં,
પાપ તણો ક્ષય કરી મેળવે ફળ તે મીઠાં,
વળી બચી રહેલા અન્નથી પેટ તણું પોષણ કરે,
જયરામ કહે તે સહેજમાં આ ભવસાગરને તરે,

૪૭

ભુજંગીછંદ.

કહ્યા યજ્ઞ વિસ્તારથી એ પ્રમાંણે,
વિધી નીત્ય જેના ગુણો ને વખાંણે.

રહ્યા કર્મ આધીન તું જાણ પ્યારા,
જેને જાણવાથી તરે જીવ ન્યારા.
ગણું શ્રેષ્ટ હું સર્વથી જ્ઞાન યજ્ઞ,
થયું ના દીસે દ્રવ્ય લાખેથી મગ્ન.
ફળો કર્મના સર્વ જેમાં સમાયા,
અરે પાર્થ એતો મુખે મેંજ ગાયા.
થતી હોય ઇચ્છા જ કલ્યાણ કારી,
કરો સંત સેવા વૃત એક ધારી.
તેથી સંશયો સર્વ ત્રુટે તમારા,
થવા મોહ પામે નહીં એજ દ્વારા.
પોતાનો પરાયો એવો ભેદ સર્વ,
જશે ત્રુટી આ દેહનો સહેજ ગર્વ.
જથાબંધ પાપો થયા જે હશે તે,
નકી નાશ પામી જશે તે ખરે તે.
પછી જ્ઞાન નૌકા વડેથી તરાશે,
ફરી પ્રશ્ન પુછયા થકી તે જણાશે.
પ્રભુ વાકયના અર્થની ગુપ્ત ધારા,
ગ્રહે ચર્ણ જયરામ રૂડા તમારા.

૪૮

લાવણી.

બળી ભસ્મ અગ્નીમાં થાય કાષ્ટ જે રીતે,
તેમજ કર્મોની દશા જ્ઞાનથી વિતે.

નક્કી તું સમજ મન પાર્થ જ્ઞાન સમ કોઇ,
વૃતી ન એવિ શુભ ક્યાંય જગતમાં જોઇ.
સાધન કરતાં જો રહો એજ રીતેથી,
અંતરમાં થાય પ્રકાશ સમય વિતેથી.
ભક્તિ સિવાય પ્રીય વસ્તુ અન્ય નવ લાગે,
શાંતી મળતાં સંસાર તણા સુખ ત્યાગે.
સંશય વાળું મન કદી વિરામ ન પામે,
આ લોક અને પરલોક ધુળમાં ધામે.
સમશેર ધરી કરમાં કર્મને છેદો,
ઉત્સાહ ધરી મનમાંય શત્રુને ભેદો.
મુખ વદી રહ્યા જયરામ પ્રભુની વાણી,
સંપુર્ણ થયો અધ્યાય ચતુર્થ જ જાણી.

અધ્યાય ચોથો

સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૫ મો
પ્રારંભઃ

અર્જુન ઉવાચ.

૪૯

છપ્પો

સન્યાસ કર્મનો ત્યાગ ફરી પ્રભુ યોગ વખાંણ્યો,
પ્રાપ્ત થાય સુખ ખરૂં તેથી હું છેક અજાંણ્યો,
કૃપાસીંધુ ફરી કહો દાસ પર દયા ધરીને,
આપ શરણુ હું રહ્યો કૃપા કરશોજ ફરીને;
વળી જેથી મારા મન વિષે ત્રાસ ન થાય ખરે ખરો,
જયરામ કહે એ રીતથી પાર્થ પ્રશ્ન પ્રભુને કર્યો.

શ્રી ભગવાનુવાચ.

૫૦

છપ્પો.

સખા વચન સુંણી કાન પ્રભુ કહે ત્યાંજ પ્રકાશી,
ઉભય માર્ગ મેં કહ્યા જાણુ બંને સુખ રાસી,

સન્યાસ કમના થકી યોગ અધીકુંજ પ્રમાણો,
સાધન કરતાં સર્વ પ્રાપ્ત ફળ એકજ જાણો,
વળી મન ગમતા માર્ગો ધરી પ્રેમ થકી પ્રભુને ભજે,
જયરામ કહે વિસ્તારથી જન અનર્થ સર્વે તજે.

૫૧

છપ્પો.

તે પુરૂષો નીરમુક્ત થયા અર્જુન પ્રમાંણો,
રાગ દ્વેષથી રહીત સ્પૃહા પણ એમજ જાણો,
વિધીવત જે સન્યાસ સર્વ સુખને ઉપજાવે,
કર્મ યોગ પણ ધન્ય શાસ્ત્રમાં નીત્ય જણાવે,
વળી બાળકવત અજ્ઞાની જન જુદા ફળો બેઉના ગણે,
જયરામ કહે સજ્જન સુણો પંડીત જન એમ ના ભણે.

૫૨

દોહેરા.

પ્રાપ્ત થાય પદ મોક્ષનું, જ્ઞાન સાંખ્યથી સાર;
યોગ વડે પણ પામીએ, એનો એ અધીકાર. ૧
એક સરીખાં માર્ગબે, ભેદ રહીત જોનાર;
વિવેક વંતા જાણીએ, તે પુરૂષો નીરધાર. ૨
ત્યાગ કર્મનો જે કરે, તેજ દુઃખી કહેવાય;
ધૈર્યવાન પદ મેળવે, અન્ય થકી નવ થાય. ૩
કામ સર્વ કરતાં છતાં, હુંપદ નહીં ધરનાર;
તે જન આ સંસારમાં, તુરત ઉતરશે પાર. ૪

૫૩

ભુજંગી છંદ.

ન વ્યાપે કદી તે શરીરે જ પીડા,
અકર્તા પણાથી થતી હોય ક્રીડા.
પ્રથા પુત્ર જે સંત પુરા કહાવે,
ભય ક્રોધ જેને કદીના સતાવે.
વિવિધ ઇંદ્રિઓથી થતાં જેહ કર્મ,
કરૂં છું એવું ના બતાવેજ ધર્મ.
પ્રભુ જે કરે તે ખરૂં એમ રાખે,
સુખ દુઃખના જે ફળોને ન ચાખે.
એવી રીતથી જે કરે કર્મ ન્યારા,
પરંતુ ન વ્યાપે કદી કલેશ પ્યારા.
કમળપત્રને જેમ ભેદે ન પાણી,
વ્યથાઓ રહે સર્વ એથી અજાણી.
મન વચન કાયાથી કરતાં જ કાર્ય,
હૃદય શુદ્ધિ માટે કર્યું એમ ધાર્ય.
વસે અંતરે કામના જે થકી તે,
કરી કર્મ બંધાય જાણો નકી તે.
વિષય બહારના ભોગવે જે ખરા તે,
કશુંએ કરૂંછું ન જાણે જરા તે.
અભીમાન આ દેહનો સર્વ છોડી,
જતું ચીત્ત અન્ય સ્થળે કયાં ન દોડી.

ન લેપાય આત્મા કદી પુણ્ય પાપે,
સુખ દુઃખ અજ્ઞાનતાથી જ વ્યાપે.
વિવેકે કરી નષ્ટ અજ્ઞાન થાશે,
પછી તત્વનું રૂપ પુરૂં કળાશે.
નીજ રૂપમાં નીત્ય આનંદ પામે,
વશ હું રહ્યો છું ખરા એજ બહાને,
રહ્યું જ્ઞાન અંતર વિષે જ્યાં છવાઇ,
સુખ મેળવે સ્વર્ગથી તે સવાઇ.
મન સ્વચ્છ રાખી રહે જે સદાય,
રચે છંદ જયરામ તે નીત્ય ગાય.


૫૪

હરીગીત.

સ્થીર બુધ્ધી વાળા જન તણા શુભ લક્ષણો તુજને કહું,
જેના પ્રતાપ બળે કરી મોહ નાશ પામી જશે સહુ.
વિદ્વાન બ્રાહ્મણમાં કદી શુભ ગાય કે હાથી વિષે,
અંતર કશું ચંડાળમાં કે શ્વાનમાં કંઈના દીષે.
એકાગ્રતા એવિ થતાં, સમદ્રષ્ટીએજ જણાયછે,
તેવા પુરૂષો ધન્યછે એમ જગતમાં વખણાયછે.
પ્રીય વસ્તુ પ્રાપ્ત કદી થતાં મન હર્ષ જે ધરતો નથી,
ચીંતા ઘણી અપ્રીય થતાં દુઃખથી કદી ડરતો નથી.
વિષયોતણી લાલચ વિના નીજ રૂપમાંજ રમ્યા કરે,
અધીકારી તે સુખ સર્વનો શુભ સ્થાનમાં તે સંચરે.

જે ક્ષણીક સુખ વિષયો તણા તજીને સદા ફરતો ફરે,
તું જાણ પાર્થ ખરેખરો સુખીઓ થયો તે નર ખરે.
મુજમાં સહુ અર્પણ કર્યાં નીજ કર્મ જે માર્ગો વળે.
તે યોગીને મુજ ભક્તીથી સુખ શાંતીનું નીશ્ચય મળે.
ગંભીર પણ શ્રીકૃષ્ણના વચનો વિષે વ્યાપી રહ્યું,
મતી મંદ જયરામે અહીં ગુણ વર્ણવિ પ્રભુનું કહ્યું.

અધ્યાય ૫ મો
સંપૂર્ણ.



સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૬ ઠો
પ્રારંભઃ

શ્રી ભગવાનુવાચ.

૫૫

(રાગ પ્રભાત)

તે ખરો યોગી તું જાણ અર્જુન વળી,
કાર્ય નીસ્પૃહ પણે જેહ કરતો. તે ખરો૦
અગ્ની કે આહુતીઓજ દીધાવિના,
પાપથી મુક્ત થઇનેજ ફરતો. તે ખરો૦
માત્ર સંકલ્પનો ત્યાગ કરતો ન જે,
યોગી નીશ્ચય કરી તે ન ઠરતો. તે ખરો૦
મુક્તિ પામી રહ્યો તર્કવિતર્કથી.
ને સદા શાંતી માંહી વિચરતો. તે ખરો૦
ઇંદ્રિઓ જેની સ્વપ્નાંતરે પણ કદી,
કામ સંકલ્પથી જે ન ધરતો. તે ખરો૦
યદ્યપી એ દશાને થયો પ્રાપ્ત જે,
દુઃખથી તે જરાએ ન ડરતો. તે ખરો૦

કલ્યાણ કરવું ન કરવુંજ પોતા તણું,
વિસ્મય પામી પાછળ ન પડતો. તે ખરો૦
શત્રુ કે બંધુના જેવિ કર્ણિ સહુ,
માર્ગ અવળે કદીએ ન ચડતો. તે ખરો૦
અજીત ચીત્તે કરી પંથ ખોટે જતાં,
નીશ્ચય જે ન પોતે વિસરતો. તે ખરો૦
આશ જયરામની પુર્ણ કરજો પ્રભુ,
ભક્તિ રૂપે રહે ચીત્ત ભળતો. તે ખરો૦

૫૬

અમે ઇશ્વર માગીએ એટલું—એરાગ.

વર્તશો રાખી મન વશ જો કદી,
નક્કી થાશે તમારૂં કલ્યાણ, પ્યારા આ સંસારમાં.
જે કોઇ મનનું કહ્યું માની ચાલશે,
જતાં ધૈર્ય થવાના હેરાન. પ્યારા૦
થતાં સુખદુઃખને જે ગણે નહી,
તાઢ તડકો જેને છે સમાન. પ્યારા૦
કોઇ માન આપો તો પણ ભલે,
વળી કરતાં કદી અપમાંન. પ્યારા૦
જેનું ચીત્ત અશાંત થતું નથી,
એવા જીતેંદ્રિયોના છે ખ્યાલ. પ્યારા૦
માટી પાશાણુ અથવા સુવર્ણમાં,
રહ્યા જેનો સદા સમભાવ. પ્યારા૦

સ્નેહી મીત્ર અને બંધુ વૈરીમાં,
દ્વેશ કરતાં ન કયાંય લગાર. પ્યારા૦
સખા શ્રેષ્ટ પુરૂષ તે સમજવા,
એમ જયરામના કહે શ્યામ, પ્યારા આ સંસારમાં.

૫૭

ઉપજાતી.

એકાંત વાસે રહીને સદાય,
અન્ય સ્થળે ચીત્ત કદી ન જાય.
આશા પરીત્યાગ કરીજ સર્વ,
અંતર વિષે રાખી રહે ન ગર્વ.
સર્વેંદ્રિઓ કબ્જ કદાપી થાય,
તો યોગ સાધી સુખથી શકાય.

૫૮

ઢાળ.

સુણ પાર્થ આ વિધિ યોગનો, કહેવાય છે નિરધાર;
જેના પ્રતાપે યોગીઓ, ભવસિંધુ પામ્યા પાર.
વળી ભૂમિ હોય પવિત્ર જયાં, તે સ્થળ વિષે નિરવાણ;
આસન કરી દ્રઢ બેસતાં, સુખ પામતા પરમાણ.
ઉચું નહીં વળી છેક જે, અતિ નીચું પણ નવ જાણ;
શુભ દર્ભ આસન પર પૂરી, મૃગચર્મ તે અનુમાન.
એ રીતના આસન વિષે, વળી સ્વચ્છ વસ્ત્રજ સાલ;
અભ્યાસ કરતાં યોગીઓ, સુખ પામતા જ વિશાળ.

એકાગ્ર કરી મન વૃત્તિ, સાધી રહ્યા જે યોગને;
નહીં ઇચ્છતા કોઇ કાળમાં, સંસારના તે ભોગને.
સ્થિર રાખી મસ્તક ડોકને, નજરે કશું ન નિહાળતાં;
એક નાશીકા સિવાય બીજે, કદિએ ન કંઇ પણ ભાળતા.
મુજ ચરણમાં પ્રિતિ થવા, મન શાંત રાખી સદાય જે;
એ રીતથી ઉદ્યમ કરી, બ્રહ્મચર્ય પાળી રહ્યા જ તે.
ભોજન કરે નહીં છેક જે વળી, ખાય હદ ઉપરાંત જે;
ઉંઘે ઘણું જન પાર્થ તેથી, પણ ન સાધન થાય તે.
માફક વળી ભોજન કરે, વિહાર પણ વિવેકથી;
અનુકુળ સમે જો ઉંઘતાં, યોગી હણે દુઃખ રીતથી.

૫૯

દોહેરા.

યોગાભ્યાસ પ્રતાપથી, શાંત થયું ચિત્ત સાર,
તે યોગી વિષયો થકી, મુક્ત થયો તું ધાર. ૧
દિપકનું સ્થિરતાપણું, ટકી રહે ત્યાં જાણ,
પવન મળે નહિં જે સ્થળે, તેમજ તું પરમાણ. ૨
ઉદય થયો શુભ યોગનો, સમજ પાર્થ મનમાંય,
તે પરથી જાણો નક્કી, મન વશ થયું ગણાય. ૩
સેવન યોગ તણું થતાં, મન પવિત્ર થઇ જાય,
રહિત કલ્પના સર્વથી, થયું મુક્ત કહેવાય. ૪
પડે દુઃખ સઘળાં કદિ, મન જેનું ન મુંઝાય,
આત્માનંદ રહ્યો છતો, પ્રભુ તણા ગુણ ગાય. ૫

મન વૃત્તિ ચંચળ થતાં, વિષયોને ચિત્ત ચહાય,
પાછું વાળી સ્થિર કરી, શકે યોગથી રાય. ૬

૬૦

ઉપેંદ્રવજ્રા છંદ.

પામી વિરામ રહ્યું, ચિત્ત સદાય જેનું,
અંતર કશું ન ગણશો, મુજથી જ તેનું.
પ્રાણી પદાર્થ સહુમાં મુજને જ જાણે,
તે યોગી નિશ્ચય કરી, સુખ શ્રેષ્ઠ માણે.
સમયાનુસાર પડતાં, સુખ દુઃખ સાંખે,
વૃત્તિ સમુહ જનમાં, ફરી એમ રાખે.

અર્જુન ઉવાચ.

૬૧

શાર્દુલવિક્રિડીત.

આપે યોગ કહ્યો ખરો પણ પ્રભુ, સામાન્ય રીતો થકી,
ધારૂં છું મન એ થકી વશ થતાં, નિશ્ચય ન જાણું નકી.
વાયુના કરતાં ગતિ અધિક છે, એવા ચપળ ચિતને,
કૈ રીતે વશ થાય તે શ્રમ વિના, એવી કહો રીતને.

ભગવાનુવાચ.

૬૨

હરિગીત.

સંશય નથી આ પ્રશ્નમાં, ઉત્તર યથાશ્ચિત હું દઉં,
સુણ પાર્થ છે અતિ કઠણુ તો, મન વશ થતાં શ્રમ છે બહુ.
અભ્યાસ કે વૈરાગ્યના, બળના પ્રતાપ થકી કરી,
સ્થિર થાય આ મન પાર્થ સત્વર, કરીને વિચાર તું જો ફરી;
રાખે ન મન વશ જો કદિ, આશા ન કરશો યોગની,
તાબે કરો મનને પછી, ઇચ્છા કરો સુખ ભોગની.
શુભ શાસ્ત્ર આ ગીતા તણું, માનવ કદિ શ્રવણે ધરે,
પરિપૂર્ણ ઇચ્છા મન તણી, જયરામ કહે પ્રભુજી કરે.

અર્જુન ઉવાચ.

૬૩

ભુજંગી છંદ.

પ્રભુ આપ સર્વજ્ઞ છો ઇશ મારા,
તથાપિ રહ્યો પ્રશ્ન પુછુંજ ન્યારા;
ચળે યોગમાંથી પૂરી યોગી જ્યારે,
કહો કઇ ગતિમાં જવાનોજ ત્યારે.

કૃપાનાથ એ કલ્પનાએ મુંઝાવ્યો,
કરોને ખુલાસો મુજ મન્ન ભાવ્યો;
વિના આપ બીજો નથી ઇષ્ટ મારે,
નિજ દાસ જાણી ચડો મારી વારે.

૬૪

રાગ હીંચનો.

શુભ માર્ગમાં સહાય વર્તનારો,
કદાપિ પાર્થ દુર્ગતિમાં તે નથી જનારો;
સ્વર્ગ સુખ પુણ્યના પ્રતાપ થકી ભોગવી,
ફરી દ્રવ્યવાન ઘેર જન્મનારો. કદાપી૦
અથવા તો યોગીનાં કુટુંબમાં મળી જતાં,
શ્રેષ્ટ સાધનો થકીજ તરનારો. કદાપી૦
એવા જન્મ અતિ દુર્લભ સંસારમાં,
પૂર્વ પુણ્યનો પ્રભાવ હોય સારો. કદાપી૦
ગત જન્મમાં રહેલી હોય જે અપૂર્ણતા,
જાણ પાર્થ હુંજ પૂર્ણ કરનારો. કદાપી૦
એ રીતે કરી રહ્યો પ્રયત્ન યોગ માર્ગમાં,
કેક જન્મ પછી મોક્ષ મળનારો. કદાપી૦

તપસ્વી કે પંડિતો મનાય ભલે જગતમાં,
તુલ્ય યોગિની ન એકે આવનારો. કદાપી૦

આવે વાત ધ્યાનમાં ને યોગી જો થવાય તો,
થઇશ વાકય સત્યનો તું પાળનારો. કદાપી૦

શ્રદ્ધાથી યોગી જે સદા રહ્યા ભજી મુને,
મુજને ન એ સમાન કોઇ પ્યારો. કદાપી૦

દાસ જયરામ પ્રભુના પ્રતાપથી,
રચી છંદ ગાય નિત્ય ન્યારો. કદાપી૦

અધ્યાય છઠો
સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૭ મો
પ્રારંભ:

ભગવાનુવાચ.

૬૫

શાર્દુલવિક્રિડીત.

મન જેનું મુજ ચર્ણમાં રમી રહ્યું, એવો જ તું પાર્થ તે,
કૈ રીતે પછીથી ભજીશ મુજને, તેની કહું વાત તે;
જે સંભળાવીશ જ્ઞાન તે સરળ ને, સમઝાય તે રીતથી,
આશા એક રહે ન બાકી જગમાં, ચિંતા મટે ચિત્તથી.

૬૬

છપ્પો.

કૈક જનો મુજ કાજ યત્ન કરી રહ્યા હજારો,
તેમાં પણ કોઇ એક કવચિત ભાગે રહી ન્યારો.
સિદ્ધ થવા એ જ્ઞાન રહ્યા શુભ શોધ કરીને,
અંતરમાં ઉત્સાહ પ્રેમ મન પૂર્ણ ધરીને.
વળી એવા સત્પુરૂષો તણો, ઉદય અવશ્ય જ થાય છે,
જયરામ કહે પ્રભુ તત્વની, ઓળખ થઇ કહેવાય છે.

૬૭

છપ્પો.

મન બુદ્ધિ અહંકાર, પવન પૃથ્વિ ને પાણી,
અગ્નિ વ્યોમ ગુણ આઠ, પ્રકૃતિ સૌ લ્યો એમ જાણી;
વર્ણન જે મેં કર્યું, નામ અપરા તે કહીએ,
મુખ્ય પ્રકૃતિ છે પરા, ધ્યાન તેમાં પણ દઇએ.
વળી જેના ગુણ શુભ શ્રેષ્ટ છે, જગત જેથી ધારણ થયું,
જયરામ કહે વિસ્તારથી, અલ્પ બુદ્ધિથી હું કહું.

૬૮

છપ્પો.

એ બે વસ્તુ થકી, સર્વ સૃષ્ટિ ક્રમ ચાલે,
ફરી પ્રલય હું કરૂં, યોગ્ય વખતે કોઇ કાળે;
સિવાય મુજથી અન્ય, ન વસ્તુ ઉત્તમ કોઇ,
જેમ સૂત્રમાં મણી, રહ્યા જન લ્યો એમ જોઇ,
વળી સૂર્ય ચંદ્ર પ્રકાશતા, મારા તેજ વડે સહુ,
જયરામ કહે વિસ્તારથી, જલમાં રસ રૂપે રહું.

૬૯

છપ્પો.

સરસ સુગંધી રહી ભુમીમાં જે સુખ રાસી,
અનલ તેજ પરચંડ અહર્નિશ રહ્યું પ્રકાશી,

પ્રાણી માત્રમાં પ્રગટ રહ્યો હું જીવન તોલે,
ધરી ધ્યાન થઇ મગ્ન રહ્યા તપસી જ્યાં ડોલે,
વળી બુદ્ધિમાન પુરૂષો વિષે, જે સમજણ ઉત્તમ રહી;
જયરામ કહે પ્રભુ પાર્થને કળા તેજની પણ કહી.

૭૦

છપ્પો.

કામ રાગથી રહિત, શુદ્ધ બળ જે શુભ કહીએ,
ધર્મ વિરૂદ્ધ ન થાય, લક્ષ તે કામે દઇએ;
સ્વભાવમાં ગુણ સહજ, અમંગળ જે કંઇ આવે,
હું કરતા છું એમ શાસ્ત્ર શુભ વાત જણાવે.
ધરતાં રૂપ લઘુ કદી શકુંનાજ સમાઇ . હું,
જયરામ કહે આ જગ્ત સહુ, પ્રભુમાં જ વ્યાપી રહ્યું.

૭૧

રાગ સીતાજીના બારમાસીનો.

પડી પ્રપંચમાં નરનાર, સૌ મુજને ભુલી ગયા,
એવો માયાનો ગુણ છે અપાર, જેને વશ જન થયા.
દુષ્ટ સ્વભાવના જન, મૂર્ખ ન ભજતા કદિ મુને,
સ્મરણ કરવાવાળા કેવા હોય, બતાવું હું તુજને.
ઈચ્છા જેની રહી મનમાંય, વળી દુઃખી દેહના,
જ્ઞાનિ પુરૂષો ચતુર નર જાણ, ગુણો શ્રેષ્ઠ જેહના.

એવા ભક્ત નિરંતર પાર્થ, પ્રીતેથી રહ્યા ભજી,
મારે પણ ઘડી પળ એક વાર, ગમે ન રહેવું તજી.
મારા ઉત્તમ જન કહેવાય, રખું તેને લક્ષમાં,
પણ જ્ઞાનિ જેવો નવ કોઈ, ગણું મારા પક્ષમાં.
ઘણા જન્મ આખર એવો જીવ, પામે મુજ ધામને,
જેમાં રહેલા જીવોને આ દુઃખ, મળે નહીં નામને.
સર્વ જગત પ્રભુમય જાણી, રહ્યા જે વિચારમાં,
મહાપુરૂષો તણાં દર્શન, દુર્લભ આ સંસારમાં.
પ્રભુ ચરિત્ર એવાં જે કોઇ ગાય, શીખે ને જો સાંભળે,
કહે જયરામ પ્રભુને પ્રતાપ, સંકટ તેનાં સહુ ટળે.

૭૨

ઉપજાતિ.

ઇચ્છા અનંત ઉરમાં પ્રગટે જ જ્યારે,
તે જીવ જ્ઞાન થકી ભ્રષ્ટ થયો જ ત્યારે.
પાળે વ્રતો નિયમ આશ્રય એક ધારી,
શ્રદ્ધાથી સેવન કરે ગતિ એજ મારી.
આશા ફરી જન તણી પરિપૂર્ણ થાય,
મારા પ્રતાપ થકી ભક્ત સુખી જણાય.
જે જીવ પાર્થ મતીમંદ ભજે ન ભાવે,
નિશ્ચય કરી જન ફરી મુજ ધામ નાવે.

પૂર્વે થયા જન ફરી પણ કયાં થવાના,
છે હાલ તે કૈ જગે વળી કયાં જવાના.
એકે ન વાત મુજથી નથી કંઇ અજાણી,
પણ પાર્થ માનવ શકયા ન કદિ જ જાણી.
મારી ગતિ જન થકી ન કળી શકાય,
શાંતિ વિના સુખ કદિ જનને ન થાય.
જે ભાગ્યશાળી જન બુદ્ધિ તણા વિશાળ,
તે ભક્તિરૂપી ફળ ચાખી રહ્યા રસાળ.
ઘડપણ અને મરણના ભયના જ ત્રાસે,
નિશ્ચય કરી જન સહુ મુજને ઉપાસે.
મેં જે કહ્યાં વચન સત્ય ખરાં પ્રમાણે,
તે મોક્ષના પદ તણું સુખ સેજ માણે.

અધ્યાય ૭ મો
સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૮ મો
પ્રારંભ:

અર્જુન ઉવાચ.

૭૩

છપ્પો.

બ્રહ્મ તણો શું અર્થ, કર્મ કોને તે કહીએ,
અધીદૈવ તે કવણ, ભેદ તેનો શું લઇએ;
વળી જ્ઞાન અધ્યાત્મ, તણી વાતો સૌ કરીએ,
અધીદૈવ શું કાજ કરે, તે પણ મન ધરીએ.
વળી ચિત જેનું મુજ ચર્ણમાં, અંત સમય લાગી રહ્યું,
એ સર્વ ગુણો સહુ હે પ્રભુ, ભજે કેમ જન તે સહુ.

ભગવાનુવાચ.

૭૪

છપ્પો.

નાશ રહિત જે તત્વ, બ્રહ્મ અક્ષર તે જાણો,
સ્વભાવ તેનો સત્ય, એજ અધ્યાત્મ પ્રમાણો;

પ્રાણી પદાર્થો સર્વ, શ્રજી ફરી નાશજ કરવું,
પાર્થ એવી જે ક્રિયા, કર્મ નિશ્ચય મન ધરવું.
વળી જે વસ્તુનો શરીરમાં, નાશ અવશ્ય જ થાય છે.
શ્રીકૃષ્ણ કહે સુણ પાર્થ તે, અધીભૂત કહેવાય છે.

૭૫

છપ્પો

પુરૂષ જીવ પ્રમાણ, અધીદૈવજ તે કહીએ,
અધી યજ્ઞ તે હુંજ ધરી ઉર, ધ્યાન જ રહીએ;
અંત સમયમાં રહે, કદાપી ધ્યાનજ મારૂં,
ગતી અધમ નવ થાય, સહેજ ભવસાગર તારૂં,
વળી અંત સમયમાં જીવનું, ધ્યાન જે સ્થળે જાય છે,
શ્રીકૃષ્ણ કહે સુણ પાર્થ તે, તે રૂપે જીવ થાય છે.

૭૬

બળુંછું પ્રેમ આગમાં—એ રાગ.

કર સ્મરણ મારૂં નિત્ય પાર્થ પ્રેમથી અરે,
પ્રેમથી અરે પ્રસન્ન ચિત્તથી ખરે. કર૦

સાખી.

મન બુદ્ધિ મુજ ચરણમાં, રાખી રહે સદાય,
યુદ્ધ કરે જો પ્રીતથી વિજય નિઃસંશય થાય.
મારી કૃપા વિના કદી ન અર્થ કંઇ સરે. કર૦

સાખી.

સ્વપ્ન વિષે પણ ના કદિ, નિરખી રૂપ શકાય,
સૂક્ષ્મ વિચાર કરી જુઓ, વૃત્તિથી ન કળાય.
 મનુ આદિ ધ્યાન પુરૂષદિવ્યનું સદા ધરે. ક૨૦

સાખી.

અંત સમય મહા પુરૂષનું ધરતાં યોગી ધ્યાન,
યોગ બળેથી શુભ ગતી, પામે તે નિરવાણ.
 અવિનાશી રૂપ ઓળખી પ્રયત્નથી ઠરે. ક૨૦

સાખી.

વદાય અક્ષર વેદમાં, રહિત રાગવિત હોય,
બ્રહ્મચર્ય વૃત પાળીને, પરમ રમ્ય પદ જોય.
 ટુંકામાં કહું ઇતિહાસ, જેથી જગત સહુ તરે. ક૨૦

સાખી.

જે કોઇ આ ઇતિહાસનું, સ્મરણ કરે મનમાંય,
તે જનનાં પાતક સહુ, પ્રલય પલકમાં થાય.
 પ્રભુના રચી જયરામ છંદ, હર્ષ મન ધરે. ક૨૦

૭૧

મનહર છંદ.

સર્વ દ્વારો એવી સૌ ઇંદ્રિઓને બંધ કરી,
મનની વૃત્તિઓ જેણે હૃદયમાં રોકી છે.

ધારણુ કર્યાં છે પ્રાણુ તાળવામાં એવો યોગી,
સ્થિર વૃત્તિ કર્યાની ક્રિયાઓ જેની નોખી છે.
બ્રહ્મને સુચવનાર એકાક્ષર મંત્ર એવો,
ઓંકારથી મોક્ષ મળવાની વાટ ચોખી છે.
સ્વામી જયરામના તે પાર્થને કહે છે એમ,
મારા દાસ પૂરક્ત મુજ નામના જ શૅાકી છે.

૭૮

રાગ—વનયાત્રાના ધોળનો.

પ્રેમી જનની પરમ પ્રિય વાણી રે,
સુણી શ્રવણે લીધાં મુને જાણી રે.
મારા ગુણ નિત્ય ગાય વખાણી,
એવા મહા પુરૂષોના ગુણને વખાણું રે.

બ્રહ્મલોક પામ્યા પુન્યરાસી રે,
જેની કીર્તિ જગતમાં પ્રકાશી રે.
જન્મ ધરતાં થયા તે ઉદાસી. એવા૦

સત્ય વચન સખા લેતું જાણી રે,
પામ્યા પદમોક્ષ જે કોઇ પ્રાણી રે,
ભવ દુઃખથી છુટ્યા લ્યો પ્રમાણી. એવા૦

વિતે યુગ જનના જયાં હજાર રે,
નીશા ગણવી એ રીતથી સાર રે,
એવો સમયસુચક જન ધાર. એવા૦

ઉદય વિધીનો દિવસ જયારે થાય રે,
સૃષ્ટિ સકલ શ્રજી કહેવાય રે,
રાત્રિ પડતાં પાછી ત્યાં સમાય. એવા૦

અસ્ત ઉદય થતું એમ જાય રે,
ચક્ર પૂરતું દીસે તે જણાય રે,
બીજું તત્વ કહું સુણ રાય. એવા૦

જેને કહીએ અક્ષર અવિનાશી રે,
મટી જાય જેથી ભવ ફાંસી રે,
મારૂં સ્થાન સમજ સુખરાસી. એવા૦

પરમ પુરૂષ એવું બીજું નામ રે,
શ્રદ્ધા વાળા પામે જે તમામ રે,
પાર્થ જાણી રહે નીજ ધામ. એવા૦


વખત મુકરર મુક્તિના કીધા રે,
જાણી રહેતાં જીવો જાય સીધા રે,
જેણે જન્મ ફરી નથી લીધા. એવા૦

જીવો ઉત્તરાયણમાં સમાયા રે,
જેને વ્યાપી નથી કાંઇ માયા રે,
ઉત્તમ પંક્તિમાં જન તે ગણાયા. એવા૦

કૃષ્ણપક્ષ રાત્રિ ધુમ કહીએ રે,
દક્ષિણ અયનમાં જો કદિ જૈયે રે,
ફરી પાછો જન્મ અહીં લઇએ. એવા૦

ગતિ સરળ ને શ્રેષ્ટ પમાય રે,
વેદો જેના ગુણો નિત્ય ગાય રે,
એવે પંથે વિચરને તું રાય. એવા૦
ગીતા શાસ્ત્ર પરમ સુખ ધામ રે,
છેલ્લી બાકીનું એજ ઇનામ રે,
પ્રેમે પરખી કહે જયરામ. એવા૦

અધ્યાય ૮ મો
સંપૂર્ણ.



સંગીત ભગવદ્ ગીતા

અધ્યાય ૯ મો

પ્રારંભઃ

ભગવાનુવાચ.

૭૯

રાગ બનજારો.

ટળી જાય જેથી ભ્રમ ભારી, તે કથા કહું વિસ્તારી,
પ્રિય મિત્ર પાર્થ તું મારો,-નહીં કરૂં કદાપિ ન્યારો,
વિશ્વાસ રાખ મન ધારી. તે કથા૦
એ વચન સત્ય છે મારા, પદ મોક્ષ તણું દેનારા,
શુભ સરળ અને સુખકારી. તે કથા૦
સત્સંગ વિનાનો પ્રાણી, સમજી ન શકે મુજ વાણી,
ગતિ મળે ન દુઃખ હરનારી. તે કથા૦
હું સકલ સૃષ્ટિનો સ્વામી, લય મુજમાં તે સૌ પામી,
ગઇ ભુલી પરંતુ બિચારી. તે કથા૦
ઐશ્વર્ય વાળી જે શક્તિ તે જાણ પાર્થ મુજ ભક્તિ,
રહ્યું શાસ્ત્ર જેને લલકારી. તે કથા૦
ગ્રહી ચરણ કહે જયરામ, સુંદર વરસી ઘનશ્યામ,
ગુણ ગાઇ રહું સુખકારી. તે કથા૦

૮૦

દીનકે દયાલ છાંડી કોન શરણ જાઉં—એ રાગ.

સૃષ્ટિ શ્રજી લય કરૂં ફરી ના કદિ મુંઝાઉં,
ના કદિ મુંઝાઉં કયું મેં એવું નવ ચહાવું—ટેક૦
છે જેની મતિ મંદ એવા જન અતિ અભિમાની,
અવિવેકના બળે ગયા ભુલી જ તે અજ્ઞાનિ. સૃષ્ટિ૦
વ્યર્થ કર્મમાં રમી રહ્યું જ ચિત્ત જેનું,
અવિચારી હ્રદય અસુર ભાવ જાણવું જ તેનું. સૃષ્ટિ૦
દૈવિ જીવ ભાવ રાખી જે મને ભજે છે,
પાર્થ જાણ સંશયો તે સર્વને તજે છે. સૃષ્ટિ૦
કેક જીવ જ્ઞાન યજ્ઞથી રહ્યા ઉપાસે,
વિશ્વ રૂપની પ્રસન્નતા તણી જ આશે. સૃષ્ટિ૦
વિવિધ જ્ઞાન વર્ણવી શ્રીકૃષ્ણ જે બતાવે,
જયરામ તે રચી પ્રસંગ પ્રેમથી જણાવે. સૃષ્ટિ૦

૮૧

વસંતતિલકા.

મંત્રૌષધી ક્રતુસ્વધા ઘૃત યજ્ઞ પાવકે,
ને હોમના હવન માંહી પદાર્થ થાય તે.
એ સર્વમાં વસી રહ્યો હું અનંત રૂપે,
માતા પિતા વળી પિતામહને સ્વરૂપે.
જે સાક્ષીરૂપી પ્રભુ પોષણની ગતિ તે,
ઉદ્ભવ પ્રલય શરણ બીજ વડે થકી તે.

હું સૂર્ય તેજ વળી એ જળને જ ખેંચી,
સમયાનુસાર ફરી પાછું દઉં જ વેંચી.

૮૨

શાર્દુલવિક્રિડીત.

વાણી સત્ય અને અસત્ય વદવી, અમૃત અને મૃત્યુ જે,
વસ્તુ સર્વ વિષે બીરાજી, રહીને, કરતો જ હું કૃત્ય તે,
જન પામે સુખ સ્વર્ગનું સકળ તે, પુન્ય પ્રતાપે કરી,
મૃત્યુ લોક વિષે ફરી જન્મતાં, ઓછાજ પુન્યે વળી.
જે કોઈ ભાવ ધરી રહ્યા ભજી મુને, એવા જનોનું જ હું,
ઇચ્છાઓ કરતાં સમગ્ર મનથી, હું પૂર્ણ કરનાર છું.
મારી ગરજ વિના જનો ફરી, બહુ અત્યંત અજ્ઞાનથી,
દેવોની પ્રતિમા સ્વતંત્ર ભજતાં, સુખ પામવા તે નકી.
ઇર્ષા હું ન ધરૂં કદિ મન વિષે, તે જીવના દોષથી,
ભાવેથી ન ભજે કદિ જન મુને, દાઝું ન તે રોશથી.

૮૩

નારાજ છંદ.

ગણાઉં સર્વ યજ્ઞનોજ સ્વામી હું ખરેખરો,
રહું જણાઇ તત્વ જ્ઞાનથી જ પાર્થ પાધરો.
કદાપી દેવતા પ્રસન્ન જીવને જ થાય તો,
વિનાશી પાપ પુન્યના પ્રતાપથી જ જાય તો.
ચહાય પિત્રુ લોકને કદાચ પ્રાણી પ્રેમથી,
વળી વિચાર હોય ત્યાં જવાય એજ નેમથી.

શિવાય એક હું વિના બીજું સહુજ વ્યર્થ છે,
સ્વરૂપમાં મળી જવા એવા જનો સમર્થ છે.
જેવો પ્રસન્ન થાઉં પાન ફૂલ કે પૂળો થકી,
અભાવથી મુખે પ્રસાદ હું ધરૂં નહીં નકી.
માટે સખા સ્વહાથથી કરે તું પુન્ય દાન જે,
અર્પણ કરી દેતાં મુને કશું ન ગર્વ આણજે.
પુરૂષ યા સ્ત્રીઓ કદાપી પાઠ આ કરે સદા,
જયરામ કહે વિમુક્ત જીવ પાપથી થશે તદા.

૮૪

શીખરણીવૃત.

એ રીતે મુજ ભકતો શુભ અશુભ જે કર્મ કરતાં,
કરૂં છું હું એવું કદી ન મનમાં ગર્વ ધરતાં;
રહે છે જન જેવો મુજ ચરણમાં પ્રેમ ધરીને,
ગણું હું પણ તેને અધિક સૌથી યાદ કરીને.

૮૫

ભુજંગી છંદ.

દુરાચારી વ્યસની કદિ કોય પ્રાણી,
ભજે ભાવથી પ્રેમ અત્યંત આણી.
ગણું શ્રેષ્ટ સૌથી અતિશેજ પ્યારો,
મુજ ભક્ત જાણી ન રાખું જ ન્યારો.
વધેલી હશે પાપ યોગે જ વાડી,

સ્ત્રીઓ વૈશ્ય શુદ્રો એવા જે અનાડી,
તરે ભક્તિ ભાવે ખરો એજ ધારો. મુજ૦
મહા પુન્યશાળી એવા વેદ મુર્તિ,
વિવેકી વડા ક્ષત્રિઓ જે કુદ્રતી,
ન પામે કહો કેમ તે માર્ગ સારો. મુજ૦
નમસ્કારથી નોખનોખા ઇલાજે,
વશ હું રહ્યો છું વળી એજ કાજે,
સત્સંગથી શુદ્ધ રાખે વિચારો. મુજ૦
શીખે કે સુણે શાસ્ત્ર આ સ્નેહ આણી,
દુઃખી તે થવાનો નથી કયાંય પ્રાણી,
એવા દાસ જયરામના છે વિચારો,
દયાસીંધુ માફી કરો વાંક મારો.

અધ્યાય ૯ મો

સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૧૦ મો
પ્રારંભઃ

ભગવાનુવાચ.

૮૬

થયા છો રે—એ રાગ.

ફરી કહું જ્ઞાન ઉત્તમ તુજ પાસે, શ્રવણ પાર્થ સુણ આજ,
શ્રવણ પાર્થ સુણ આજ, સ્હાયતા કરૂં સર્વ સુખ કાજ–ટેક.
નથી પાર પામ્યા કોઇ એનુ, સમજી ન શકયા પ્રભાવ,
મુજ પ્રિતે, ધરી ચિત્તે, એ નિમિત્તે,
આદિ કારણુની કરી રહ્યા શોધ, પણ સર્યો ન એક ઇલાજ.
ફરી૦
અંતરજામી આદિ પુરૂષ હું, વ્યાપક ઈશ્વર એક,
ઋષી વાણી, રહ્યા જાણી, એવા પ્રાણી,
આ મૃત્યુ લોકના જીવ તણા સૌ પાપ કરૂં પ્રાજે. ફરી.
જ્ઞાન બુદ્ધિ નિરમોહપણું વળી, શમ દમ સત્ય સમાજ,
સુખ કરતાં, દુઃખ હરતાં, ભય ધરતાં,
એવી વૃત્તિ દયાળુ થવી ખરી મુજ કૃપા વડે સાધે. ફરી.

મુખ ગીતાનું નામ ઉચરતાં મુક્ત થાય નરનાર,
ઠરી ઠામે, સુખ પામે, પ્રભુ નામે,
જયરામ કહે સૌ હરી કૃપાથી રહો સદા સુખમાં જ પૂરી.

૮૭

ઉપજાતિ.

સપ્તર્ષિ આદિ મનુ મેં પ્રથમે રચ્યા છે,
સનત્કુમાર પણ સૃષ્ટિ વિષે સ્રજ્યા છે.
આ યોગને જન ફરી મુખથી ભણે છે,
સંપૂર્ણ ભક્તિ તણું પાત્ર સહુ ગણે છે.
મારા ગુણો જાણી રહ્યા રસાલ,
ભજતાં વિવેકી પુરૂષો વિશાલ.
મારા ચરિત્રોનું કરી જ ગાન,
સમઝાવતાં શાસ્ત્ર અને પુરાણ.
જેના પરે મારી કૃપા જ થાય,
બુદ્ધિ વિષે વૃદ્ધિ થતી જણાય.
ઉજાસ પામી રહી જ્ઞાન જોતી,
મુજને નક્કી ન વાત ખોટી.

અર્જુન ઉવાચ.

૮૮

ગઝલ.

આપ સર્વ સ્થળમાં અનાદિ રૂપે, સદા બીરાજી રહ્યા પ્રભુ,
સદા બીરાજી રહ્યા પ્રભુ, ઈશ સત્યના બેલી છો વિભુ.
આપ૦

વેદ વ્યાસથી માંડી સર્વ તે, ઋષિ નારદાદિ પર્યંત જે,
કહો છો મુખે મુને આપ, તે મિત્ર ભાવથી સમજું જ છું.
આપ૦

દેવ દાનવો કોઇના થકી, રૂપ વર્ણવી શકાયું નથી,
વાત રાખી મેં અંતરે લખી, એમાં ખોટું કંઇ પણ ના કહું.
આપ૦

૮૯

વસંતતિલકા.

ગુણ આપના શ્રેષ્ટ ગણું તથાપિ,
કહી ના શકયા કોઇ મુખે અદ્યાપિ.
પોથી પુરાણાદિકમાં વખાણ્યા,
પણ આપના પ્રાક્રમથી અજાણ્યા.
સુંદર ચરિત્રોનું ખરૂં સ્વરૂપ,
કહેવા પ્રભુ આપજ છો અનુપ.
કે રીતથી વૃત્તિ કરી સમાન,
ધરીને રહું આપ તણું જ ધ્યાન.

વિભૂતિઓ વર્ણવીને બતાવો,
સત્સંગનો એજ ખરો જ લ્હાવો.
રહસ્ય આ અમૃત રૂપ વાણી,
પિતાં પ્રભુ તૃપ્ત ન થાય પ્રાણી.

૯૦

છપ્પો.

વિભૂતિઓ જે મુખ્ય, વર્ણવી કહું તુજ પાસે,
સખા શ્રવણ કરતા જ, જીવના પાપ વિનાસે.
જો વિસ્તારી કહું, યાદ રહેશે નવ એકે,
હે કુંતી સુત હવે, લક્ષ તું રાખ વિવેકે.
વળી સચરાચર પ્રાણી તણા, અંતરમાં વ્યાપી રહું,
પ્રભુ કહે અર્જુન સુણો, વિનાશ પણ મુજથી કહું.

૯૦

છપ્પો.

હું આદિત્યો માંહી રહ્યો, વિષ્ણુને રૂપે.
સર્વ જ્યોતિમાં હુંજ, રહું છું સૂર્ય સ્વરૂપે.
મરીચી નામ હું ધરી, મરૂત ગણુમાં જ વસું છું,
તારા ગણમાં ચંદ્ર, નામ પ્રત્યક્ષ ધરૂં છું.
વળી સકળ વેદ શાસ્ત્રો વિષે, શામવેદ મુજને ગણો,
શ્રી કૃષ્ણ કહે અર્જુન સુણો, હું રાજા છું સ્વર્ગનો.

૯૧

છપ્પો.

સર્વેંદ્રિયમાં શ્રેષ્ટ, ખરૂં મનને જ પ્રમાણો,
પ્રાણિ પદાર્થમાં જ, મૂળ ચૈતન્ય જ જાણો,
રૂદ્રોમાં શિવ રૂપ, યક્ષમાં કુબેર હું છું,
વસુઓમાં શુભ અગ્નિ, પર્વતોમાં મેરૂ છું.
વળી ગોર તણી પદ્ધિ વિષે, બ્રહસ્પતિ પણ હુંજ છું,
સૌ સેનાપતિમાં સખા, પ્રિય ગૌરીનો પુત્ર છું.

૯૨

છપ્પો

સરોવરાદિકમાંય મુખ્ય, સાગર મદમાંતો,
મહર્ષિઓમાં ભૃગુ, શબ્દ ઓંકાર વિનાતો.
યજ્ઞોમાં જપ યજ્ઞ, સ્થાવરોમાં જ હિમાલય,
વૃક્ષોમાં પીપળો, કરે સૌ પાપ પરાજય.
વળી ઋષિ નારદ કહેવાય તે, દિવ્ય વિભૂતી મુજ તણી,
શ્રી કૃષ્ણ કહે અર્જુન સુણો, બાકી તો રહી છે ઘણી.

૯૩

ઢાળ.

સુંદર વિભૂતિ યોગનો, આખ્યાન કહું તુજને ફરી;
જેના પ્રતાપ બળે કરી, સંશય જશે મનના ટળી.

તેજસ્વી કામદુગા ખરી, વખણાય છે ગાયો વિષે;
ઉત્પન્ન થતી તેથી પ્રજા તે, કામ બળ મુજમાં વસે.
સર્પો વિષે હું વાસુકી, મણિધર મહીં મહા વ્યાલ છું;
જળચર તણો જે ભુપ તે, હું વરૂણ સહેજ વિશાળ છું.
હું પિતૃઓમાં અર્યમાં, વળી સંયમીયોમાં યમ;
પ્રલ્હાદ પણ મુજ ભક્ત, દૈત્યોમાં થયો સર્વોત્તમ.
જાણી શકે ગતિ કાળની, તે કાળ હું પોતે જ છું;
વનરાજ હું વનચર વિષે, ખગ પક્ષી માહીં ગરૂડ છું.
હું ચલન ગતિ માંહી ખરેખર, પવન પણ સુખ ધામ છું;
વળી શસ્ત્રધારી સર્વમાં, મહા સુભટ પૂરસુરામ છું.
મત્સ્યો વિષે હું મગર ને, જળ પવિત્રમાં ભાગેરથી;
સ્વભાવની ઉત્પતિ લય તે, જાણ તું મારી સ્થિતી.

૯૪

છપ્પો.

ઉત્તમ વિદ્યા એજ, શ્રુતિ અધ્યાત્મ નિરખીએ,
વિવાદ કરતાં માંય, વાણી વદતાં જ પરખીએ.
અક્ષરમાંજ અકાર, સમાસોમાં હું દ્વંદ્વ,
નાશ ન જેનો થાય, એવો હું કાળ નિઃસંશય.
વળી જેના મુખ સર્વત્ર છે, પોષણ પણ કરનાર છું,
શ્રી કૃષ્ણ કહે જગના સહુ, જીવોને હરનાર છું.

૯૫

છપ્પો.

ગંધર્વોમાં પ્રથમ ચિત્રરથ જેને કહીએ,
કપિલ દેવનું નામ, સિદ્ધ પુરૂષોમાં લઇએ.
અશ્વ વિષે પ્રખ્યાત, ઉચ્ચૈશ્રવ હું સુખકારી,
ઐરાવત્ બળવાન, થયો ગજમાં ગુણકારી.
વળી પુરૂષોમાં સૌથી અધિક, રાજા હું કહેવાઉં છું,
શ્રી કૃષ્ણ કહે આ યુદ્ધ વિષે, ઉત્તમ વજ્ર ગણાઉં છું.

૯૬

વસંતતિલકા.

જેમાં ક્રિયા સકળ શ્રેષ્ટ થતી જણાય,
તે માર્ગશીર્ષ મહિનો મુજમાં ગણાય.
હું ગ્રીષ્મ આદિ ઋતુમાંહી વસંત રૂપે,
ને દ્યુતમાં વસી રહું છું અનંત રૂપે.
મુજમાં વસી રહ્યું સદા ગુણ સત્વ એજ,
હું વાસુદેવ કુળ યાદવને વિષે જ.
પ્રખ્યાત પાંડવ વિષે તુજ રૂપ ખાસ,
સર્વે મુનીશ્વર મુને ગણતા જ વ્યાસ.
માનો સહુ કવિ તણો ગુરૂ શુક્ર હુંજ,
શિક્ષા કળા સકળમાં ગણશો પ્રપુજ.
ઇચ્છા કરે જન પૂરી જય પામવાની,
છાની ક્રિયા સકળ તે મુજમાં સમાણી.

જ્ઞાનિ તણું હૃદય જ્ઞાન થકી ભરાય,
સૃષ્ટિ સઘળીજ રહી છે મુજથી સહાય.
પ્રાણી પદાર્થ સહુમાં હું રહ્યો જ વ્યાપી,
પણ જાણતા નથી જનો મુજને તથાપી.
વિસ્તારથી મુજ વિભૂતી કથી ન જાય,
સમઝાવવા પ્રથમ મેંજ કર્યો ઉપાય.
ઐશ્વર્ય સુંદર અને બળવાન પ્રાણી,
મારી કૃપા ખરી તણું ફળ હયો જ જાણી.
મારાં પરાક્રમ ઘણાનીજ શું જરૂર,
મુજ વિણ આ જગતનું ન જણાય નુર.
આ યોગનું કથન જે કરશે જ પ્રાણી,
નિશ્ચય કરી સુખી થવાની જ એ નીશાની.
જયરામ દાસ પ્રભુના ગુણ નિત્ય ગાય,
અધ્યાય પૂર્ણ દશ એમ થયા ગણાય.

અધ્યાય ૧૦ મો

સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૧૧ મો
પ્રારંભઃ

અર્જુન ઉવાચ.

૬૭

પ્રભાતિયું.

હે દયાસિંધુ શ્રી કૃષ્ણ કમળા પતિ,
ભક્ત વત્સલ દીનાનાથ પ્યારા.—ટેક૦
સંશયો સર્વ મુજ મન વિષે જે હતા,
નાશ પામી ગયા આપ દ્વારા. હે દયા૦
જગત ઉત્પત્તિ અને નાશની જે સ્થિતિ,
વાત તેની કહી પ્રેમ ભાવે,
માહાત્મ શ્રવણે સુણી રાજી હું તો થયો,
જે અવિનાશીનું રૂપ કહાવે. હે દયા૦
આશ દર્શન તણી લાગી મુજને પ્રભુ,
દેખવા દ્રષ્ટિએ રૂપ ન્યારા,
યોગ્ય આ પ્રશ્ન જો હોય મારો કદી,
તો સુખેથી કહો મિત્ર મારા. હે દયા૦

ભગવાનુવાચ.

૯૮

પ્રભાતિયું.

નીરખીને રૂપ તું જો સખા પ્રેમથી,
આકૃતિઓ રહી દિવ્ય જેની;
સેંકડો કે હજારોથી હિશે વધુ,
કહીશ કે કોણ સંખ્યા જ તેની. નીરખી૦

મરૂત આદિ વસુ રૂદ્રને જો ફરી,
સૂર્યને દેખતું તારી આંખે;
નહીં દીઠા હોય એવા જ આશ્ચર્ય તે,
મોહની જાળ તોડી જ નાંખે. નીરખી૦

શરીર મારે વિષે જગત તું જો વળી,
કરીશ ઇચ્છા સહુ પૂર્ણ તારી;
જોઇ તું નવ શકે નેત્ર તારા થકી.
ચક્ષુ આપી દઉંછું જ મારી. નીરખી૦

એ રીતે દાસ જયરામ વર્ણન કરે,
શ્રી મુખ કૃષ્ણની પ્રેમ વાણી;
પુરૂષ કે સ્ત્રી જનો શ્રવણ ભાવે કરે,
તે સુખ પામશે સહેજ પ્રાણી. નીરખી૦

સંજય ઉવાચ.

૯૯

દોહોરા.

યોગેશ્વર પોતે હરી, ભક્ત તણા પ્રતિપાળ,
દિવ્ય રૂપ દેખાડીયું, અર્જુનને તત્કાળ.
મુખ નેત્રો જેનાં ઘણાં, સુંદર દર્શન સાર,
આભુષણ ઓપે ઘણાં, શુભ કરમાં હથીયાર.
વનમાળા કંઠે ધરી, વસ્ત્ર અનોપમ અંગ,
ભાલ તિલક શોભે ઘણાં, નીરખી નવલ પ્રસંગ.
સૂર્ય મળીને સામટા, પાડે પ્રૌઢ પ્રકાશ,
વિશ્વ રૂપ સમ તે થતાં, મનમાં થાય ઉદાસ.
પ્રભુ તણા એક અંગમાં, જગત સમગ્ર સમાય.
અચરજ પામી પાર્થ ત્યાં, મુખે વદે છે ત્રાહ્ય.
શિથિળ ગાત્ર જેનાં થયાં, અર્જુન કરે વિચાર,
નમસ્કાર પ્રિતે કરી, સ્તુતિ કરે નિરધાર.

અર્જુન ઉવાચ.

૧૦૦

રાગ—રામ લક્ષ્મણ વનમાં સધાવતાં.

દેખું છું પ્રભુ આપ શરીરમાં,
વીરંચી આદિ સ્વર્ગના દેવ,

કરે સહુ સેવ, સ્તુતિ આ સ્વિકારજો.
પ્રાણી માત્ર ચરાચર જગતના,
સર્પો આદિ મણીધર વ્યાલ, દેખીતાં જ કાળ. સ્તુતિ૦
હાથ ઉદર અને મુખ નેત્રના,
આવે ગણતાં નહીં જેનો પાર, જગતના આધાર. સ્તુતિ૦
આદિ મધ્ય કે અંત દીસે નહીં,
એવું અદ્‌ભુત રૂપ વિશાલ, જગત પ્રતિપાલ. સ્તુતિ૦
શોભા મુગટની શોભે અતિ ઘણી,
ગદા ચક્ર જેના કરમાંય, વિઠ્ઠલવર રાય. સ્તુતિ૦
અગ્નિ સૂર્યથી અધિકું પ્રકાશતું,
એવું તેજ છે દેદિપ્યમાન, કૃપાના નિધાન. સ્તુતિ૦
અવિનાશી રૂપે તમે એકલા,
રક્ષા ધર્મની કરતાં તમામ, પ્યારા પૂર્ણ કામ.. સ્તુતિ૦
બળ પ્રાક્રમ છે પૂર જોશમાં,
સૂર્ય ચંદ્ર જેની શુભ આંખ, જોતાં વળે ઝાંખ. સ્તુતિ૦
જેનું અંત કે આદિ મળે નહીં,
મુખ પ્રજવલિત અગ્નિ સમાન, એવા ગુણવાન. સ્તુતિ૦
સ્વર્ગ અવનિ અને અંતરીક્ષમાં,
સર્વ સ્થળમાં તમારો છે વાસ, જાણી દીન દાસ. સ્તુતિ૦
ઉત્તમ તેજ તમારૂં અતિ ઘણું,
ત્રણ લોક પામી રહ્યા ત્રાસ, પ્રચંડ પ્રકાશ. સ્તુતિ૦
દેવો સર્વ મળી પ્રભુ આપમાં,
દીસે કરતાં પ્રવેશ સદાય, ગુણો નીત્ય ગાય. સ્તુતિ૦

મહર્ષિઓ અને સિદ્ધ સૌ મળી,
નિત્ય ધરતાં દેખું નીજ ધ્યાય, સખા ગુણવાન. સ્તુતિ૦

૧૦૧

શાર્દુલવિક્રિડીત.

શીવ સૂર્યાદિ વસુ મરૂત ગણ અને, ગંધર્વ યક્ષો તથા,
પામી વિસ્મય પિત્રુઓ સહુ મળી, જોયા કરે સર્વથા;
બીજા કૈક અસુર તે સમયમાં, આશ્ચર્ય પામી રમે,
દેખું છું નીજ રૂપમાં જગતને, છો સત્યવાદી તમે.

૧૦૨

છપ્પો.

મુખ નેત્રો પગ હાથ, ઉદરનો પાર ન આવે,
દંત અતી વિકરાળ જોઇ, ભયને ઉપજાવે.
ભાન થયું સૌ નષ્ટ, દીશા એકે નવ સુઝે
અદ્દભૂત રૂપ વિશાલ, જગત જેને સૌ પૂજે.
વળી કૌરવાદી મુજ બંધુઓ, ભીષ્મ દ્રોણ સમ ગુરૂ ખરા,
દેખું છું નીજ રૂપમાં, ચુર્ણીત થઇ સૌએ પડ્યા.

૧૦૩

છપ્પો.

નદી તણા જળ વહી, સુખે સાગરમાં આવે,
સૃષ્ટિના સહુ વીર પ્રભુ, મુખમાંજ સમાવે.

પામી મોહ પતંગ, પડે દીપકમાં આવી,
સૃષ્ટિનું લય થાય, મુખે તે વાત જણાવી.
વળી પૂર્ણ જગત શુભ તેજથી, હું દેખું સૌ બાળતાં,
વાત ન જાણું હે સખા, માટે રહો સમઝાવતાં.

ભગવાનુવાચ.

૧૦૪

ભુજંગી છંદ.

પ્રજા સર્વનું કાળ તે હુંજ પોતે,
ન મુકું કદી લાખ વાતે કહો તે.
સખા બંધુ એ કૌરવો જે તમારા,
વશ મૃત્યુને સૌ થશે એ બીચારા.
ન માની કદી જો કરો ના લડાઇ,
તથાપી જવાનો જ છું સર્વ ખાઇ.
કરો યુદ્ધ માટે મુજ વાકય માની,
સુખ ભોગવો રાજયનું પ્રેમ આણી.
મને જે ગમે તે કરૂંછું નીકાલ,
ચડે ના મુજ મસ્તકે કયાંય આળ.
મુકયા છે હણીને નીજ હાથથી જે,
ગુરૂ ભીષ્મ ને દ્રોણ સૌ મહારથી તે.
વળી કર્ણ ને જયદ્રથ એ સમાન,
બીજા કૈંક વીરો મહા તેજવાન.

કરી યુદ્ધ તે સાથ લે સર્વ જીતી,
શુભ ક્ષત્રિય વંશની પાળ નિતિ.
જરાએ ન તું થઇશ ખાલી ઉદાસ,
સુખ ભોગવો રાજ્ય આણી ઉલ્હાસ.
એવી ધૈર્ય આપી પ્રભુ પાર્થને જે,
રચી છંદ જયરામ કહે છે કથી તે.

સંજય ઉવાચ.

૧૦૫

દોહેરા.

વચન સુણી કેશવ તણાં, ધરી ધૈર્ય મન સાથ,
સ્તુતિ કરે છે પાર્થ ત્યાં, જોડી બંને હાથ.
વેણુ વદી મુખ નવ શકે, ઓળખીઆ નીજ નાથ,
સંરક્ષણ કરજો તમે, કહી ધીમેથી વાત.

અર્જુન ઉવાચ.

૧૦૬

ઉપેંદ્રવજ્રા છંદ.

લીલા પ્રકાશી રહી છે તમારી,
ગુણ ગાય છે નીત્ય પ્રજા બીચારી.

ભય પામીને દૈત્ય જતાંજ નાશી,
ગુણ ગાય છે સિદ્ધ સહુ પ્રકાશી.
કરતા વિધીના પ્રભુ આપ પોતે,
નમતા રહે કેમ કહો ન તો તે.
હે દેવ છો આપજ સત્ય રૂપ,
પુરાણ પુરૂષોત્તમ છો અનુપ.
આ જગતને આપ રહ્યા પીછાની,
લીલા ખરી સંત રહ્યા વખાણી.
યમ વાયુ અગ્નિ જલ ચંદ્ર આપ,
વિશેષ બ્રહ્માદિકથી પ્રતાપ.
પુજું પ્રપીતા કહીને કદાપી,
લાખો નમસ્કાર કરે તથાપી.
હું સર્વ બાજુથી નમી રહ્યો છું,
ને પ્રાક્રમોને વશ તો થયો છું.
વ્યાપી રહ્યા દેવ અનંત રૂપે,
કળા તમારી જગમાં અનુપે.
વશ પ્રેમને થઇ વદતો જ વાણી,
મેં આપની શક્તિ કદી ન જાણી.
કહેતો મુખે કૃષ્ણ સખા અરે હું,
બોલાવતો યાદવ નામથી હું.
કદાપી હું ભોજના પ્રસંગે,
ચડી જતાં પ્રેમ તણાં જ રંગે.
વિહાર સૈયાસનમાં વખોડ્યા,
નિયમો ખરે કૈક હશેજ તોડ્યા.

તેની પ્રભુ માફી લઉં જ માગી,
સંસારની સર્વ વ્યથા જ ત્યાગી.
સૃષ્ટિ તણા આપ પિતા ગણાઓ,
ને પૂજ્યથી શ્રેષ્ટ અતિ જણાઓ.
ત્રૈલોક્યમાં આપ સમાન કોઇ,
મૂર્તિ ખરે મેં નજરે ન જોઇ.
શરીરાદિકેથી કરીને પ્રણામ,
જપી રહ્યો આપ તણું જ નામ.
પિતા અને પુત્ર તણી સગાઇ,
ને મિત્ર પ્યારાનીજ મિત્રતાઇ.
પતિ પ્રિયાને ગણીને જ રાંક,
બક્ષીશ એકાદ કરેજ વાંક.
એ રૂપ જોતાં બહુ હર્ષ થાય,
પણ કાળજું તો ભયથી ભરાય.
માટે કૃપા રંક પરેજ કીજે,
જેવાં હતાં દર્શન આપ દીજે.
હાથે ધરી ચક્ર અને ગદાય,
મુકુટ જોતાં મન ના ધરાય.
એવા બનો દેવ ફરી રૂપાળા,
કંઠે ધરી કૌસ્તુભની જ માળા.
હું કેમ એ રૂપ ફરી નિહાળું,
ને આપના વાક્ય સહુજ પાળું.

તેજસ્વી આ રૂપ હવે સમાવો,
મનમાં રહ્યા એજ ખરો દુખાવો.

ભગવાનુવાચ.

૧૦૭

કવાલી.

ખુશી હું તો થયો જ્યારે, ધર્યું છે રૂપ મેં ત્યારે,
કૃતો એ છે અતિ ભારે, પછી દેખીશ તું કયારે—ટેક૦
જનો કોઇ ધ્યાન પણ ધરતાં, રહે છે યજ્ઞ પણ કરતાં,
તપશ્ચર્યાથી નવ ડરતાં, મને સ્વપ્ને ન તે ભાળે. ખુશી૦
ન થાશો કંઇ વ્યથા ભારી, જશોમાં ધૈર્ય પણ તારી,
ખુશી હું તો થયો જ્યારે, ધર્યું છે રૂપ મેં ત્યારે.
ભયંકર રૂપ આ જોતાં, રહો શાંતિ દીશા ચારે,
ખુશી હું તો થયો જ્યારે, ધર્યું છે રૂપ મેં ત્યારે.

સંજય ઉવાચ.

૧૦૮

દોહેરા.

ધરી ચતુર્ભુજ રૂપ ત્યાં, દર્શન દીધું સાર,
ભયથી મુક્ત કર્યા પ્રભુ, અર્જુનને તે વાર.

અર્જુન ઉવાચ.

૧૦૯

દોહેરા.

નીરખી આ નીજ રૂપને, શાંત થયું જ શરીર,
કૃષ્ણ કૃપા સૌ તમ તણી, થયો આજ રણધીર.

ભગવાનુવાચ.

૧૧૦

મનજારે.

ભય પામી રહ્યો તું આંહીં, તે રૂપ ધર્યું નવ કયાંહી,
પ્રિય શ્રેષ્ટ સખા તું મારો, હું પણ ગણાઉં છું તારો,
નકી નીજ રૂપ, પરમ અદ્‌ભૂત, મહા સુખદાઇ. તે રૂપ૦
રહે ધરી ધ્યાન કોઇ યોગી, શુભ દાન કરે બહુ ભોગી
વાંચતા વેદ, મટે નહીં ખેદ, એવી પ્રભુતાઇ. તે રૂપ૦
શુભ ગુણ મારા ગાવાથી, ચિત્ત નિર્મળ પણ થાવાથી,
મળું હું ખરો, રાખ આશરો, ભલા મુજ ભાઇ. તે રૂપ૦
કાઇ સાથ વૈર નવ રાખે, પડતાં સુખ દુઃખને સાંખે,
ખરો મુજ દાસ, રાખું નીજ પાસ, જાણુ મનમાંહી. તે રૂપ૦

અધ્યાય ૧૧ મો
સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૧૨ મો
પ્રારંભઃ

અર્જુન ઉવાચ.

૧૧૧

શાર્દુલવિક્રિડીત.

એ રીતે નીજ રૂપમાં રમી રહી, ભજતાં તમોને સદા,
બીજાં પણ અવિનાશી રૂપ સમજી, સેવે સદા સર્વદા;
વર્તિ એ બેઉ માર્ગમાં ઝડપથી, પહોંચ્યા પદે કોણ તે,
તે સર્વે કથીને કહો મુજ કને, હે નાથ જે સત્ય તે.

ભગવાનુવાચ.

૧૧૨

લાવણી.

મન જેનું મુજમાં રહ્યું પ્રેમ વશ થઈને,
સંસાર તણા સુખ સર્વ છોડી સૌ દઈને.

શ્રદ્ધા વાળા કહેવાય પાર્થ જે પ્રાણી,
સર્વોત્તમ તે મુજ ભક્ત સહુજ લ્યો જાણી.
અક્ષર અવિનાશી રૂપ અચીંત્ય જ કહીએ,
વ્યાપક ઈશ્વરનું ધ્યાન ધરી શુભ લઇએ.
વશ રાખી સર્વેંદ્રિયો ઉપાસન કરતાં,
તે પણ ભવસાગરને જ સુખેથી તરતાં.
અવ્યક્ત ઉપાસન કઠણ ભાઇ છે એમાં,
દેહ ધારીને બહુ ક્લેશ થાય છે જેમાં.
અર્પણ મુજમાં જો કર્મ કર્યાં છે જેણે,
તે જીવ પરાયણ થયો જાણ તું તેને.
મુજ ચર્ણે જેનું રહ્યું સદા ચિત્ત ચોટી,
શ્રમ વિના તરી ભવ જાય રહે નવ ખોટી.
ટકી રહે ચિત્ત મુજ માંય એમ તું કરને,
આ વ્યર્થ મોહની જાળ થકી તું તરને.
એ શિવાય પૂરી હું કહું ઉપાય જ બીજો,
અભ્યાસ યોગબળ એજ ખરી છે ચીજો.
એ પણ કદી જો નવ થાય કર્મ સૌ તજી દે,
શુભ અશુભ કર્મ સૌ મને કરી અર્પણ દે.
તે પણ તુજથી નવ બને કર્મ ફળ છોડી.
હે પાર્થ સદા તું રાખી ચરણ ચિત્ત ચોડી.
અભ્યાસાદિકથી અધિક જ્ઞાનને જાણો,
એથી ઉત્તમ શુભ ધ્યાન સત્ય પરમાણો.

ફળ કર્મ તણો તું ત્યાગ પાર્થ કર પ્રીતે,
જેથી ઉત્તમ અધિકાર પ્રગટશે ચિત્તે.

૧૧૩

હરિગીત.

પ્રાણી ચરાચર માત્રનો, જન દ્વેષ જે કરતો નથી,
સુખ દુઃખ વિષે સમતા રહે, મમતા મળે નહીં જયાં રતી.
સૌ સાથ ગુણ મિત્રાઇનો, ઉરમાં વસે કરૂણા ખરી,
પ્રિય ભક્ત મુજને છે સદા, સંશય ન લાવીશ કંઇ ફરી.
અહુંકારને કરી દૂર જયાં, સંતોષ વ્યાપી રહ્યો અને,
વિશ્વાસ દ્રઢ સર્વેંદ્રિઓ, વશ રાખીને જ રહ્યો મને.
આનંદ ને ઉદ્દવેગ સમ, વસીને રહ્યાં નિશ્ચય કરી,
પ્રિય ભક્ત મુજને છે સદા, સંશય ન લાવીશ કંઇ ફરી.
ગર્જુપણાથી રહિત નિર્મળ, ચતુર હીણ સહુ વ્યથા,
પરીત્યાગી જે આરંભનો,, પીડા વગરનો છે તથા.
પડતાં પ્રસંગો સર્વમાં, કદિ ચાલતો નથી જે ડરી,
પ્રિય ભક્ત મુજને છે સદા, સંશય ન લાવીશ કંઇ ફરી.
દુશ્મન અને સજ્જન વિષે, કંઇ, ફરક મુદ્દલ છે નહીં,
સત્કાર કે અપમાન સુખ દુઃખ વિષે જેને સહી.
વળી તાપ તડકો સમ ગણી, નિંદા ન કરતો જે પરી,
પ્રિય ભક્ત મુજને છે સદા, સંશય ન લાવીશ કંઇ ફરી.

કરતો નથી સ્તુતિ કોઇની વીણુ સ્વાર્થ નવ બોલે કદી,
છે ઘર વિનાનો ને વળી, સંતોષબંધ રહ્યો વદી.
શ્રદ્ધાથી આ અમૃત તણું, જન પાન જો પ્રીતે કરે,
સુખ સ્વર્ગથી પણ અધિક નિર્મળ યશ અને કીર્ત્તિ મળે.
મારા પ્રસાદ થકી ખરેખર, આ જગત જાશે તરી,
પ્રિય ભક્ત મુજને છે સદા, સંશય ન લાવીશ કંઇ પૂરી.
છે પરમ અદ્દભૂત આ રહસ્ય, સમાન બીજું છે કયું,
શુભ શાસ્ત્રનો લઇ સાર તે, પ્રભુ પ્રગટ મુખથી છે કહ્યું.
કોઇ વર્તશે નરનારી નિશ્ચય, યોગને જ અનુસરી,
જયરામ કહે ભવસાગરે, નિશ્ચય જવાનો તે તરી.

અધ્યાય ૧૨ મો

સંપૂર્ણ.



સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૧૩ મો
પ્રારંભઃ

અર્જુનઉવાચ.

૧૧૪

છપ્પો.

પુરૂષ પ્રકૃતિ તણો, ભેદ તે સૌ સમઝાવો,
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ તણી, કહી વાત જણાવો.
છેક પ્રભુ હું જ્ઞાન, થકી પણ રહ્યો અધુરો,
નવ જાણું હું જ્ઞેય તણો, શબ્દાર્થ જ પૂરો.
વળી કૃપાસિંધુ શ્રી કૃષ્ણને, પ્રગટ પ્રશ્ન પાર્થે કર્યો,
જયરામ કહે વિસ્તારથી, મેં પણ મુજ મનમાં ધર્યો.

ભગવાનુવાચ.

૧૧૫

છપ્પો.

શરીર એજ છે ક્ષેત્ર, રહ્યો એમાં જ વસીજે,
જણાય છે ક્ષેત્રજ્ઞ, કહુંછું તેજ કથી તે.

એવુ એ શુભ જ્ઞાન, સર્વથી ઉત્તમ જાણો,
એ સમ બીજું નથી, વાત એ સિદ્ધ પ્રમાણો.
વળી વિકાર એમાં જે રહ્યા, સહીત કૃતિ શુભ ઓચરૂં,
જયરામ કહે વિસ્તારથી, પ્રથમ ધ્યાન પ્રભુનું ધરૂં.

૧૧૬

શાર્દુલવિક્રિડીત.

યશ જેના મળીને સમગ્ર ઋષિઓ, નાના પ્રકારે કરી,
છંદોમાં રચીને વખાણ કરતાં, સૂત્ર સ્થળોમાં ફરી.
મહાભૂતો અહંકાર આદિ પ્રકૃતિ, ને ઇંદ્રિઓ જે દશ.
એના જે વિષયો ગણાય સહુ તે, છે એક મનને વશ.
સુખ દુઃખ આદિકથી ભરેલ સઘળું, ને દ્વેષ ઇચ્છા થકી,
ધીરજ જ્ઞાન અને શરીર મળીને, એ ક્ષેત્ર જાણો નકી.

૧૧૭

મનહર છંદ.

માનથી રહિત અને, પાખંડ મળે ન જેને,
વ્યથા જ વિનાનો, અને ધૈર્ય જેણે ધારી છે.
ગુરૂનું સેવન કરે, પવિત્ર રહીને સદા,
સ્થિર વૃત્તિ રાખીને, રહેલો બ્રહ્મચારી છે.
વૈરાગ્યથી મન રંગીને, તેઓના હોય સંગી,
સંસારનાં દુઃખ જોઇ, વૃત્તિ શ્રેષ્ટ ધારી છે.
સંતાન સ્ત્રિઓને ધરો, એથી જે રહ્યો છે પરો,
નષ્ટ જાણી ચિત્તની વૃત્તિઓ જેણે વારી છે.

સારૂં મારું સર્વ એક તજે ન પોતે વિવેક,
ચિત્તની વૃત્તિઓ, જેની એવી સુખકારી છે.
મારી ભક્તિમાં જ લીન એવો જીવ જે પ્રવિણ,
પવિત્ર સ્થળોમાં રહી, એકાંત બજારી છે.

૧૧૮

ભુજંગી છંદ.

રહ્યો તત્વ આત્મા તણો જે પીછાણી,
ફળ મોક્ષનું મેળવે, તેજ પ્રાણી.
અનાદિ પરબ્રહ્મ પોતે કહાવે,
ન દ્રષ્ટિ થકી રૂપ જોતાં ન આવે.
કરો છે જેના સર્વ બાજુ વિશાળ,
મુખો નેત્રથી શોભીતાં તે દયાળ.
ન ખાલી જગા એ વિનાની રીકામી,
ન શક્તિ શ્રવણની જવાને જ પામી.
ન દીઠો એવો પંથ કયાં કોઇ કાળે,
પ્રતાપી ચરણનું જ જયાં જોર ચાલે.
એ રીતે રહ્યું જગત આખું ભરાઇ,
સખા શું કરૂં હું મુખેથી બડાઇ.
પ્રકાશીત સર્વેંદ્રિઓ જે કરે છે,
અશક્તિ વિનાનો થઇને ફરે છે.
છતાં સૃષ્ટિ સર્વત્રનો છેજ સ્વામી,
પરીબ્રહ્મ એ સત્ય જેમાં ન ખામી.

અતી પાસ હોવા છતાં દૂર લાગે,
એવું રૂપ જોવા કદી કોય માગે.
ન પહોંચી શકે જે જગોએ જ વાણી,
પરંતુ ન દેખાય તે છે અજાણી.
સ્થિર તેજ પામી રહ્યું છે વિરામ,
દીસે પ્રાણી માત્રો વિષે તે તમામ.
એ છે સૃષ્ટિ આ સર્વનો પાળનારો,
અનુકુળ સમએ ફરી મારનારો.
લીલા માત્રમાં તે ફરીને બનાવે,
પરીબ્રહ્મ તુલ્યે કહો કોણ આવે.
શશી સૂર્ય આદિ કળાઓ વિષેમાં,
પ્રકાશીત એવી બધી વસ્તુઓમાં.
હૃદયમાં બીરાજી રહ્યાં જે સદાય,
પરીબ્રહ્મ મોટા મુખેથી વદાય.
કર્યો પ્રશ્ન તેનોજ આ પૂર્ણ અર્થ,
ભજો ભાવથી દેવ એવા સમર્થ.
રચી છંદ જયરામ રૂડા બનાવે,
સુત જેષ્ટના પાસ પોતે લખાવે.

૧૧૯

ઇંદ્રવજ્રા છંદ.

પ્રકૃતિ અને પુરૂષ તત્વ અનાદી જાણ,
જેમાંથી ઉત્પન્ન થયું જગ આ પ્રમાણ.

એ કાર્ય કારણ બધાં પ્રકૃતિ થકી તે,
ભોક્તા પુરૂષ સુખ દુઃખ તણો નકી છે.
પુછો કદી કારણ સાથ મૂળ,
નિશ્ચય કરી પુરૂષની જ હશે જ ભુલ.
એ પ્રકૃતિ વશ થતાં કરતો ઉપાધી,
ભવની વ્યથા ફરી વિશેષ કરી જ વ્યાધી.
એ જીવ એથી અળગો રહેલો જણાય,
કરતાપણા તણું નિમિત્ત જ એ ગણાય.
એ છે ખરા પરમ ઇશ કૃપાનિધાન,
જો એ ન હોય જગમાં સહુ વ્યર્થ માન.
એના પરાક્રમ અને ગુણને પીછાણી,
કરશે જ કર્મ જન તેની થશે ન હાણી.
વર્તે કદી જગતમાં ધરી ધ્યાન એનું,
મુક્તિ મળે પછી કહો દુઃખી હોય સેનું.
યોગીંદ્ર ધ્યાન ધરી, દેહ વિષે જ દેખે,
જે કેક સાંખ્ય થકી રૂપ રહ્યાં જ પેખે.
સત્કર્મના બળ થકી જન કેક જોતાં,
પ્રાયશ્ચિતો શરીરના જ સહુજ ખોતા.
એમાંનું કંઇ પણ ન જાણી શકે જ એવા,
સંત્સંગને શ્રવણુથી જ કરેજ સેવા.
એવા જનો પણ પ્રયાસ વિના તરે છે,
પાપી જનો ભવ વિષે ભટકી મરે છે.
પ્રાણી પદાર્થ તણું ઉત્પત્તિનું જ સ્થાન,
ક્ષેત્રજ્ઞ ક્ષેત્ર થકી સર્વ થયું પ્રમાણ.

૧૨૦

ખ્યાલ.

નાશવંત છે વસ્તુ માત્ર પણ, અવિનાશી આત્મા જ ખરે,
સમદ્રષ્ટિથી જુએ જગતને, તે ભવસાગરને જ તરે.
કર્મ થાય સૌ પ્રકૃતિને વશ, પણ આત્મા કરતો જ નથી,
એ રીતે જે જોઇ રહ્યા તે, ઉત્તમ જન સહુનાં જ થકી.
સૌ જીવો છે નોખ નોખાં, પણ આત્મા જોતાં એક ખરો,
એવો નિશ્ચય કરો હ્રદયમાં, તો હું કયાંય નથી જ પરો.
એ અવિનાશી રહી શરીરમાં, કરતા થઇ સૌ કર્મ કરે,
બાધ ન લાગે કદી જરા પણ, એ અવશ્ય તું જાણ ખરે.
અંતરીક્ષ છે વ્યાપક સર્વે, પણ લોપાતો કયાંય નથી,
તેમજ આત્મા રહ્યો શરીરે, સપડાતો નવ લેશ નકી.
સૂર્ય એક છે છતાં જેમ તે પ્રકાશ કરતો સર્વ સ્થળે,
વિવિધ દેહમાં રહ્યો વ્યાપી એ, આત્મા બીજો કયાંય ન કળે.
કહ્યા મુખે મેં જે વચનો, તે માની સત્ય મનમાંય ધરે,
તે જીવો સૌ અનાયાસથી આ ભવસાગરને જ તરે.
રચ્યો ખ્યાલ મેં અતિ પ્રેમથી, શ્રવણ કરો સૌ નરનારી,
પ્રભુ પ્રાર્થના પૂર્ણ કરો તો, ભલી મોક્ષની છે બારી.

અધ્યાય ૧૩ મો

સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા

અધ્યાય ૧૪ મો

પ્રારંભઃ

ભગવાનુવાચ.

૧૨૧

ઢાળ.

શાંતિથી આ શુભ શ્રવણ કર, પ્રિય પાર્થ પરમ સુજાણ,
જેના વડે મુનિ જન સદા, સુખ પામતા નિરવાણ.
આશ્રય કરી આ જ્ઞાનનું, રહેતાં મુની જન જેહ,
સૃષ્ટિ સૃજું જે સમયમાં, ઉત્પન્ન થતાં નવ તેહ.
તેમજ પ્રલયના વખતમાં, દુઃખીયા ન થાતાં તે કદિ,
આશ્ચર્ય એમાં કંઇ નથી, મુખથી કહું છું હું વદી.
ધારણ કરૂં હું બ્રહ્મ, યોનિ વિષે જ ગર્ભ તમામ,
જીવ જંતુ પ્રાણી માત્ર જેમાંથી થયા સુખ ધામ.
એ સર્વનો હું છું પિતા, મહદ્ બ્રહ્મ માત ખરેખરી,
પ્રત્યક્ષ બીજ હું સર્વનો, સૌ ચાલતાં મુજને ડરી.
બંધન કરે છે જીવને, ગુણ ત્રણ મળી નિરધાર,
રજ, સત્વ, તમ, એ પ્રકૃતિમાંથી, થયા તૈયાર.

સુખ સર્વ દેખું પ્રગટતાં, ગુણ સત્વમાંથી જાણ,
શાંતિથી એ બંધન કરે, આ જીવને પરમાણ.
એ રીતથી તૃષ્ણા અને, રાગાદિ ઉત્પન્ન થાય,
રજ, ગુણ થકી આ દેહમાં, કર્મો કરી બંધાય.
આળસ્ય મોહ પ્રમાદ વળી, અજ્ઞાન જે કહેવાય,
બુદ્ધિ તમોગુણની થતાં, આવી ચઢે સૌ ત્યાંય.
સુખ સત્વથી ઉપજે સદા, રજ કર્મથી જ કળાય,
પણ તમોગુણમાંથી નકી, ઉત્પન્ન પ્રમાદ જ થાય.
પામે પ્રબલતા સત્વ તો, રજ તમ હઠીને જાય,
રજ સત્વ પાછળ રહી જતાં ઉત્પન્ન તમોગુણ થાય.
તમ સત્વ જોર કમી કરી, રજ બળ વધે ભરપૂર,
એ રીતથી ગુણ ત્રણ તણું, દીધું બતાવી નૂર.

૧૨૨

વસંતતિલકા.

જે જ્ઞાન પૂર્ણ શરીરાદિકમાં જણાય,
અધિકું જ શ્રેષ્ટ ગુણ સત્વ રહ્યું ગણાય,
ઇચ્છા વિશેષ વળી લોભ અને પ્રવૃત્તિ,
વૃદ્ધિ રજોગુણ તણી સઘળી સમૃદ્ધિ.
અવિવેક મોહ અપ્રવૃત્તિ અને પ્રમાદ,
એ સર્વ તામસ તણો જ ખરો પ્રસાદ.
વ્યાપી રહે શરીરમાં ગુણ સત્વ જ્યારે,
સમયાનુકુળ થઇ દેહ પડેજ ત્યારે.

શાંતિ રહે ઉર વિષે વળી એજ કામે,
તેથીજ જીવ પદ ઉત્તમને જ પામે.
વસતાં વિશેષ ગુણુ રાજસના કદાપી,
તે જીવ જન્મ ધરશે જગમાં તથાપી.
પણુ જો વિશેષ ગુણુ તામસનો ગણાયો,
જોતાં ફરી અધમ યોનિ વિષે જણાયો.
સત્કર્મ સર્વ ગુણુ સત્વ થકી જ થાશે,
દુઃખો તણું ફૂળ રજોગુણુથી પ્રકાશે.
અજ્ઞાન મૂળ પ્રગટેલ તમોગુણેથી,
સમઝાય વાત સૌ શાસ્ત્ર સદા સુણેથી.
ગુણુ સત્વમાં પ્રબલતા રહી જે સમાઇ,
લોભેથી લક્ષણુ જશે રજમાં ગણાઇ.
લાગે પ્રમાદ થકી મોહ અતીજ પ્યારૂં,
અજ્ઞાનને પણુ તમોગુણુથી જ ધારૂં.
સત્વેથી સ્વર્ગ ભુવને જન સૌ જવાના,
રજથી મનુષ્ય ગણુમાં જ થશે રવાના.
કુળ નીચમાં જન તમોગુણુથી જ જાશે,
નાના પ્રકાર તણી એવી ગતી પ્રકાશે.
કર્તા નથી ગુણુ સિવાય ન અન્ય કોઇ,
એવા પ્રકાર થકી જીવ રહ્યો જ જોઇ.
છે શક્તિ આત્માનીજ એથી દૂર,
નિશ્ચય કર્યું એમ નક્કી જરૂર.
સરખાપણું મુજ સમાનજ તે ધરાવે,
અંતે ફરી અચળ સ્થાન વિષેજ આવે.

અર્જુન ઉવાચ.

૧૨૩

દોહેરા.

થયો જાણીતો હું હવે, આ ત્રણ ગુણથી સાર,
જન કેવા ને કોણ તે, કહો પામ્યા કેમ પાર.
લક્ષણ પણ જાણ્યા તણી, મનમાં રહી ઉમેદ,
છો સમર્થ સાચા પ્રભુ, સમઝાવો સહુ ભેદ.

૧૨૪

રાગ—પઢો રે પોપટ રાજા રામના.

વાહલા વિગતેથી કહું તુજને કથા, ધ્યાન ઉર શુભ ધરીએ,
બનતા પ્રયાસ થકી ભલા, ગુણ સત્વેથી તરીએ—ટેક૦
પ્રવૃત્તિ રજમાંથી પ્રકાશતી, એવે માર્ગે ન જઇએ,
મોહ તમોગુણથી નકી, એનો દ્વેષ ન કરીએ. વહાલા૦
રહેતો ઉદાશી ન જે સદા, વૃત્તિ દ્રઢ એક ધારી,
પુરૂષ ગુણાંતીત તે ખરો, પાર્થ જુઓને વિચારી. વહાલા૦
વહાલા સુખ દુઃખમાં સમતા ધરે, ધૈર્ય પણ નવ ત્યાગે,
માટે પાષાણ સૂવર્ણ સૌ, એકસરખાં જ લાગે. વહાલા૦
વહાલા માન આપો તોપણ ભલે, કોઇ અપમાન કરતાં,
મિત્ર અને વૈરી વર્ગમાં, શંકા કંઇ નવ ધરતાં. વહાલા૦
જેનું ચિત્ત મુજ ચર્ણે લાગી રહ્યું, બીજું કંઇ નવ માગે,
ભક્તિ વિનાનું છે વ્યર્થ સૌ, સ્વરૂપે શ્રેષ્ટ લાગે. વહાલા૦
વહાલા આત્મા વિષે અવલોકતાં, સુખ સર્વે સમાયા,
છેવટનો બોલી એજ છે, ગુણ જયરામે ગાયા. વહાલા૦

અધ્યાય ૧૪ મો સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૧૫ મો
પ્રારંભઃ

ભગવાનુવાચ.

૧૨૫

વસંતતિલકા.

જેનું વધ્યું મૂળ અતિ વિશાળ,
ને છેક નીચી ગણવી જ ડાળ.
એછે અવિનાશી મહાસમર્થ,
અસ્વત્થ સંસાર તણું જ વૃક્ષ.
વેદો તણા છંદ મહા પવિત્ર,
આ વૃક્ષના પત્ર ગણો સમસ્ત.

૧૨૬

ઉપજાતિ.

ઉંચે ચઢી ગગનમાં, પૂરી એજ ડાળ,
પામી પરસ્પર ગુણો, વળી એ વીશાળ.
વિષયો ઘણા નવીન, કુંપળીઓ જ વાળી,
સંસાર વૃક્ષ પર દ્રષ્ટિ, થકી જ ભાળી.

બંધાય જીવ કરી કૃત્ય, અનર્થ ભૂલ,
એ વૃક્ષનું સમજ, પાર્થ ખરૂં જ મૂળ.
સંસાર વૃક્ષ તણું, આદિ ન મધ્ય અંત,
અસ્વસ્થ મૂળ દ્રઢ, વ્યાપી રહ્યું અનંત.
સહેલો અને સરસ, છેદનનો ઉપાય,
અસંગ શસ્ત્ર બળ, પ્રાક્રમથી કપાય.
એની તપાસ કરી, બારીક દ્રષ્ટિએથી,
કયાંથી થયું પ્રગટ કયાં, પરમેષ્ટિએથી.
ભવ ચક્રમાં ભટકતાં, જન જે હશે તે,
શરણે થતાં ભયથી મુક્ત થશે ખરે તે.
સૂર્યાદિ ચંદ્ર તણું જયાં, ન પડે પ્રકાશ,
અગ્નિ કદાચિત કરી, ન શકે વીલાસ.
પામ્યા પછી મરણ, જન્મ, ફરી ન આવે,
તે ખાસ પાર્થ મમ, ધામ જ તો કહાવે.
મારો જ અંશ શરીરાદિકમાં પૂરીને,
આત્મા એ નામ ધરી, ત્યાંજ રહ્યો ઠરીને.
પોતા ભણી સકલ, ઇંદ્રિય વર્ગ તાણી,
એ તત્વમાં પ્રબળતા, સઘળી સમાણી.
વ્યાપી સુગંધ રહી જે, સ્થળમાં સદાય,
વાયુ તણી ગતી થકી, સહુને જણાય.
ચક્ષુ ત્વચા શ્રવણ ઇંદ્રિય નાશિકાનો,
સાથે રહેલ મન, અંતરમાં પ્રમાણો.
સંપૂર્ણ સર્વ વિષયો, સુખને જ આપે,
એ તત્વને શરીર, આશ્રયને પ્રતાપે.

૧૨૭

શીખરણીવૃત.

એ રીતે જીવ આત્મા, ગ્રહણુ વિષયોનો જ કરતો,
વિવિધ શરીરો પ્રત્યે, અજબ લીલાથી વીચરતો.
હૃદય શુન્ય ન જોઇ, કદી ન આત્માને ન શકતાં,
પરંતુ જ્ઞાનિના સમીપમાંથી તે ન ટળતાં.
મટે છે અંધારૂં, પ્રગટ રવીના તેજ થકી તે,
પ્રકાશિત પાવકમાં, રહ્યું શશી માંહી જ નકી તે.

૧૨૮

હરીગીત

આભૂમીનો સૌ ભાર, મુજ બળથીજ હું ધારણુ કરૂં;
વન ઔષધી પરવૃષ્ટિ શુભ, પ્રત્યક્ષ ચંદ્ર થકી ધરૂં.
વસીનેજ હું જઠરાગ્નીમાં, કરતો ક્રિયા પાચન તણી;
વળી વાયુ પાન અપાનથી, શુભ પાક સહેજ રહે બની.
જન સર્વના અંતર વીશે, મુજ વાસ છેજ ખરેખરો;
રહે યાદ કે ભુલે કદી, હ્રદયે ધરે જન આશરો.
હું સર્વ વેદ વીશેજ ઉત્તમ, જ્ઞાનીઓ મુજને કહે;
વેદો તણું સામર્થ સૌ, ખીલી સદા મુજથી રહે.

પ્રાણી ચરાચર ક્ષર સમજ, અક્ષર ગણો અવીનાશીને;
ક્ષર નાશવંતજ છે ખરો, અક્ષર રહ્યોજ પ્રકાશીને.
એથી રહ્યો અળગોજ જે, પરીબ્રહ્મ નામ ધરાવીને;
વ્યાપી રહ્યા સર્વત્ર તે, અજ્ઞાનનેજ હઠાવીને.
પુરૂષો વીશે ઉત્તમ ભલું, મુજ નામ પુરષોત્તમ ધર્યું;
ને કઇક જન મુજ ભક્તનું, દુઃખ મુળથીજ હશે હર્યું.
છાનું રહેલું શાસ્ત્ર આ તુજ પાસ મેં વર્ણન કર્યું;
પ્રીતે પઢે નર નીત્ય જો, શુભ સમય જન્મ હશે ધર્યું.
રચી છંદ આ જયરામ, પ્રભુ ગુણ, નીત્ય આમ કહે કથી;
કોઇ પ્રેમી આ રસ મધુરનો, જન પાન કાં કરતા નથી.

અધ્યાય ૧૫ મો

સમાસ.



સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૧૬ મો
પ્રારંભઃ

૧૨૯

જીનને કીયો સત સંગ જનમધરી એ રાગ.

જીવ દૈવી જે કહેવાય પ્રથમ શુભ, લક્ષણુ કહું તેનાજ કથી;
ચીત જેનું ભયથી રહીત, પામે ન વ્યથા મનમાંજ રતી—જીવ૦
ઇંદ્રિય નીગ્રહ તપદાન અને, સમ દમથી જે ડરતોજ નથી;
હીંસા પણુ સ્વપ્ને ન કરે વળી, ક્રોધ વીશે ન જણાય મતી—જીવ૦
દયા દાન નીર્લોભપણું, ધીરજ પણુ કયાંય રહે ન જતી;
લોક લાજ નવ છાંડી શકે, સુખ સર્વ તણો તે છેજ પતી—જીવ૦
મમતા માન તણી ન મળે, સુંદરતા સર્વ દેખાય છતી;
જન દૈવી તું સમજ પાર્થ, જયરામ પ્રભુ ગુણુ ગાય અતી.
જીવ દૈવી જે કહેવાય પ્રથમ શુભ લક્ષણુ કહું તેનાજ કથી.

૧૩૦

(નાથ કેસે ગજકો બંધ છુડાયો. એ રાગ.)

અર્જુન જે કોઈ આસુરી જન કહેવાયો
વૃથા જન્મ જગતમાં જણાયો. ટેક.

અજ્ઞાન ઊરમાં અપાર, થકી જન ગફલત માંહી તણાયો;
પાખંડ ક્રોધ વીશાલ થયો જેથી, મદ પણુ આવી ભરાયો. અર્જુન

હૃદય કઠોર વીશે ન દયા, સંત ચરણે ન શીશ નમાયો;
અસત્ય પણ જેને વહાલું અતીશય, અવગુણથી ન ધરાયો. અર્જુન.
દૈવી જીવો પદ મોક્ષે જતાં, આસુરી જન દેખું બંધાયો;
ઉત્તમ ગુણ પાર્થ ગ્રહણ કરીલે, તો દેખીશ કંઇ ન પરાયો. અર્જુન.
એ રીતે વાકય પ્રભુએ કહ્યા તેનો સાર અહિં સમઝાયો;
જયરામ વિવીધ વીગતથી રચી, અંગ ઉલટ ન જાય સમાયો.
અર્જુન જે કોઇ આસુરી જન કહેવાયો.

૧૩૧

રાગ પુનમ ચાંદની.

કૃત્યો આદરતા દેખાય, અસત્ય તણાં અતીરે,
નીર્મલતા પણ જેથી, છેક રહી છે દૂર,
ઉત્પન થયાં અસુર સંપદમાંથી જન જાણીએરે,
ખરેખર આ જગનો શ્રજનાર પ્રભુ પણ છે નહિંરે,
થયું સ્ત્રી પુરૂષોનાં સંગ થકી નીરધાર.—ઉત્પન૦

સાખી

વીશય મુખ્ય આધાર છે, સંશય કંઇ ન લગાર,
આ વીચાર નીશ્ચય કરી કરતાં અલ્પ વીહાર,
અહીત પોતાનું કરવામા ન કંઇ લજવાય છેરે,
લેતાં કરી તુર્તમાં સ્વાર્થ તણો સૌ નાશ.—ઉત્પન૦
ત્રપ્ત થયું કોઇ છે નહિં, એ વિશયોથી સાર,
મતી મંદ ઉદ્યમ કરે, તે જીવને ધિક્કાર,
પાખંડી જીવ પણ પાછળથી, બહુ પસ્તાય છેરે,
નીપજે મોહ થકી ખોટા જયારે પરીણામ.—ઉત્પન૦

મરણ સુધી પણ ના મટે, એ તૃષ્ણા ભરપુર,
શ્રેષ્ઠ માની સેવન કરે, એવા જન જે ક્રુર,
વીકારોથી અધીકું કંઈ, છે નહિં આ સંસારમાંરે,
એવું નીશ્ચય મનમાં કરી, રહ્યા નીરવાંણ.—ઉત્પન૦
બંધન આશા જાળનું, તોડી કંઇ ન શકાય,
દ્રવ્યાદીક જે મેળવે, સુમાર્ગથી નવ કયાંય,
ફેરવે હાથ પોતાનો, ધન પરથી આનંદમાંરે,
પૂરી પણ વધવાની, જોતા એવા જન વાટ.—ઉત્પન૦
આ શત્રુને મેં હણ્યો, બીજા કેક હણીશ,
સુખી સિદ્ધ બળવાન હું, વિશય વર્ગનો ઇશ,
હું તો દ્રવ્ય અને કુટુંબ થકી ભરપુર છુંરે,
ઉદય અજ્ઞાન તણો તો સૂર્ય થયો પ્રકાશ.—ઉત્પન૦
શ્રવણ કરે સંતોશથી, વાકયો સર્વ તમામ,
ઇચ્છા પૂર્ણ પ્રભુ કરે, એજ ખરો વીસરામ,
માટે શ્રદ્ધાથી આ, પાઠ કરો જન પ્રેમથીરે,
કહે જયરામ તેના શ્રી કૃષ્ણ કરે કલ્યાણ.—ઉત્પન૦

૧૩૨

દોહેરા.

ભ્રાંતી ચીત્ત વીશે થતાં, ઉપજે કષ્ટ અપાર,
કરે કામ ખોટાજ તે, પડે નરક મોઝાર.
ધન મદ જેને છે અતી, અંતરમાં ન વીચાર,
વીધી હિંણ યજ્ઞો કરે, ગર્વ થકી નીરધાર.
પાખંડી બળ પ્રાક્રમી, જ્ઞાન શુન્ય જે હોય,
નવ દેખે સુજને કદી, પાપ પારકા ધોય.

અધ્યાય ૧૬ મો સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા
અધ્યાય ૧૭ મો
પ્રારંભઃ

અર્જુન ઉવાચ.

૧૩૩

દોહેરા.

અંતરમાં શ્રદ્ધા ખરી, શાસ્ત્ર ન જાણે સાર,
એવા જન યજ્ઞો કરે, તેનો કહો પ્રકાર.

ભગવાનુવાચ.

દોહેરા.

ત્રણ ગુણ છે ત્રણ જાતના, શ્રદ્ધા છે પણ તેમ,
સહીત ભેદ વર્ણન કરૂં, ઉપજયાં છે એ કેમ.

૧૩૪

ભુજંગી છંદ.

ન શ્રદ્ધા વીનાનું ન એકે શરીર,
વીના બુદ્ધિ શ્રદ્ધા રહે છે અધીર.
પ્રતીના વીચારો જેવા જયાં ઠરે છે,
જીવો કૃત્ય તેવાજ તે ત્યાં કરે છે.

ગુણ સત્વથી દેવને શ્રેષ્ઠ માને,
બીજો વર્ગ દૈત્યાદીકોનેજ જાણે.
ભુલ્યા તામશી દેખીને પ્રેત યોની,
કહી મેં કથા એ રીતે સેવકોની.
લખેલી વીધી શાસ્ત્રમાં નીજ છોડી,
ગમે તેમ વર્તે જન તેજ ખોડી.
પછી પણ રહે કામનાઓ અધુરી,
કરો કામ તેવી મળે છે મજુરી.
વૃથા નિશ્ચયો જ્યાં રહ્યાં છે પ્રફુલ્લી,
જન મૂર્ખ થઇને ગયો ભાન ભૂલી.
તપ યજ્ઞને દાન તેવા જનોમાં,
રહ્યા છે ગુણો જે ત્રણ ભોજનોમાં.
તેના ભેદ હું વર્ણવીને બતાવું,
વ્યથાઓ સહુ દૂર ખેંચી હઠાવું.
વીવેકી પુરૂષો જમે અન્ન કેવા,
સ્વભાવે રહે શાંત પોતેજ તેવા.
બળ તેજ આયુષ્યને જે વધારે,
સુખ પ્રીત સાથે રહે સ્નેહ ભારે.
દહિં દૂધ ઘીમાં બનેલો પ્રસાદ,
જન સાત્વીકોનોજ સાચો સવાદ.
રજેથી પ્રવર્તે દુખોને ઉપાધી,
ક્રિયા અન્નમાંથી થશે એજ યાદી.
ઘણા તીક્ષણ ઉના અતી સેજ ખારા,
બળે છાતી એવા પદાર્થોજ પ્યારા.

વીશે સેજ ખાદું વીના ચોપડેલું,
એવી ઋતુમાંથીજ છે ચોક છેલ્લું.
વીત્યું હોય જેના પરે દીન એક,
એવું અન્ન પ્રીતે જમે જે વશેક.
સડેલું છતાં છેક દુર્ગંધ આવે,
એવું અન્ન ક્લેશી જનો નેજ ભાવે.
એ રીતે કહ્યા ભોજનો ના પ્રકાર,
પ્રભુ પાર્થ સંવાદનો એજ સાર.
નીજ દાસ જયરામ જાણી તમારો,
કૃપાસિંધુ એને હવે ના વીસારો.

૧૩૫

મારારે સ્વામી બોલોને વહાલા.—એ રાગ.

નીશ્ચય યજ્ઞ કરવું ઘટે ભાઇ,
એમાં અમો કરતા નથી કાંઇ—ટેક૦
એવું મન ધારી કરે કર્મ જે,
ઇચ્છા ફળની ન રાખે જન તે,
પ્રગટ ગુણ સાત્વીકનો યજ્ઞ છે.—નીશ્ચય૦
વળી કીર્તિ લોભ કરે જનમાં;
રહે કામનાઓ વસી તનમાં,
બન્યો રજમાંથી કહો મનમાં.—નીશ્ચય૦
નીયમ શાસ્ત્રનો ન મળે જેમાં,
ક્રિયા કર્મ કંઇ ન મળે એમાં,
એવા યજ્ઞ તમોગુણથી નેમ્યા.—નીશ્ચય૦

૧૭૬

ચોપાઈ.

તપનાં પણ ત્રણજ પ્રકાર,
મન વાણી કાયા થકી સાર.
દેવ દ્વીજ ગુરૂ મહા જ્ઞાની,
શુદ્ધ અંતઃકરણના પીછાની.
પુજા તેની યથાવીધી થાય,
વૃત સંયમ પણ જ્યાં રખાય.
હિંસા યુક્ત કર્મો નવ કરીએ,
કાયાનું તપ એમ ઉચરીએ.
વાકય વદવું એવું નીરવાણ,
શાંતી ચીતમાં વધે જેથી જાણ.
હીત પરાયું જે થકી થાય,
વાણીનું તપ તે કહેવાય.
ચીત્ત આનંદમાં રહે જયારે,
દુઃખ કંઇ જ નથી એમ ધારે.
શુદ્ધ ભાવેથી ભક્તીમાં જાય,
મનનું તપ એમ દેખાય.
ઇચ્છા ફળની ન રાખે કદાપી,
શુદ્ધ મનથી રહ્યા જે તથાપી.
એવી એકાગ્રતા નવ ત્યાગે,
તપ સાત્વીકનો એમ લાગે.

માન મોટા પણું મેળવાય,
મારી કિર્તિ જગતમાં ગવાય.
ફક્ત એથી ભૂષણ જયાં મનાય,
તપ રાજસ તે કહેવાય.
મતીમંદ અધમ જન કુર,
અવીવેક થકી ભરપુર.
નાશ બીજાનું કરવું જરૂર,
ખોટું કરવામાં જે છે ચતુર.
એવું કૃત્ય રહ્યું જે કરાય,
તપ તામસી તે કહેવાય.
ગીતા શાસ્ત્ર ઉત્તમ છે અનાદી,
પ્રભુ મુખની પ્રગટ છે પ્રસાદી.
એનું શ્રવણ કરે કોઇ જન્ન,
કહે જયરામ થાશે પાવન.

૧૨૭

રાગ બળું છું પ્રેમ આગમાં મુને કોઈ બચાવોરે.
દેવુંજ દાન જોઇને સુપાત્રને ખરે,
જરૂર સ્વાર્થની કસી ન રાખતાં અરે—ટેક૦
વર્તમાનનો વીચાર જો મને ધરે,
ખરેખરૂંજ દાન સત્વનુંજ તે ઠરે.—દેવુંજ૦
આશા અમારી પુર્ણ થઈ દુઃખોજ સૌ ટળે,
કરૂંછું ધર્મ તે વીશેષ થઇ મને મળે.—દેવુંજ૦
રજો ગુણેથી દાન આ થયાનું સૌ ગણે,
એના ફળો શું સત્વની સમાન કંઇ જડે.—દેવુંજ૦

કુશબ્દ બોલી ધર્મ જો કીધું હશે નરે,
ઠર્યું જ દાન તામસી કદીજ ના પૂરે.—દેવું જ૦
પવીત્ર આ સુબોધ વાંચી જે દીલે ધરે,
જયરામ તે ભલા જનો ભવાબ્ધીને તરે.—દેવું જ૦

૧૩૮

શાર્દુલ વિક્રિડીત.

વ્યાપક બ્રહ્મ વીશે પ્રકાશીત થયાં, વેદો અને બ્રાહ્મણો,
યજ્ઞો પણ વળી એ થકી પ્રગટતાં, મહીમા અનાદી તણો.
માટે સર્વ ક્રિયા થતાં પ્રથમ તો, ઓંકાર ને છે ભણ્યા,
યજ્ઞોદાન વીશે ઋષી ગણ સહુ, આરંભમાં તે ગણ્યા.

૧૩૯

વસંતતિલકા.

સત્‌શબ્દમાં સકલ શ્રેષ્ઠ ગુણો સમાયા,
જેના પવીત્ર જશ આ જગમાં ગવાયા.
સત્‌શબ્દનું સ્વરૂપ પાર્થ કથ્યું ન જાય,
મોટા મુનીશ્વર વખાણ કરે સદાય.
ઇચ્છે જ મોક્ષ મળવા જન પુન્યવાન,
તત્‌ શબ્દ ઉત્તમ ગણી યજતા પ્રમાંણ.
ઇચ્છા પૂરી ફૂળ તણી નવ રાખતાં જે,
ને યજ્ઞદાન તપ સૌ જ કરી રહ્યા છે.
શ્રદ્ધા વીનાનું ફળ કયાંય કદી ન થાય,
જયરામ એમ પ્રભુના ગુણ નીત્ય ગાય.

અધ્યાય ૧૭ મો સંપૂર્ણ.

સંગીત ભગવદ્ ગીતા

અધ્યાય ૧૮ મો

પ્રારંભઃ

૧૪૦

અર્જુનઉવાચ.

ઉપજાતિ.

વ્યાપી રહ્યા સકલ, સૃષ્ટિ વિષે સદાય.
ગુણ આપનાં બહુ, મુખે પણ ના ગવાય.
રસના સહસ્ત્ર થકી, શેષ રહ્યા વખાણી,
સ્વપ્નાંતરે પણ, સ્વરૂપ શકયા ન જાણી.
પૂછીશ પ્રશ્ન પ્રભુને, ફરી એક એવો,
સન્યાસ તત્વ તણું, સાર હશેજ કેવો.
એ વાત આજ, ઉરમાં રહી છેજ વ્યાપી,
ને ત્યાગને વિષય, વર્ણવી એ પ્રતાપી.

૧૪૧

ભગવાનુવાચ.

દોહેરા.

વદતાં મુખ વિદ્વાન સૌ કામ્ય કર્મનો નાશ,
એ સન્યાસ ખરેખરે જુઓ કરી અભ્યાસ.

કર્મ ફળો સૌ ત્યાગવા ખરો એજ છે ત્યાગ,
ચતુર પુરૂષ ચેતી રહ્યા વર્ણન કરી વિભાગ.

૧૪૨

છપ્પો.

ચતુર જનો વિદ્વાન કર્મને દોષ લગાવે,
બીજા પણ જન કેક દાન તપનેજ મનાવે.
યજ્ઞો પણ જન કેક તણા કલ્યાણજ કરતાં,
હું પણ કહું છું એમ કર્મ કંઇ છે નહિ નરતા.
વળી યજ્ઞ દાન તપ કર્મથી પવીત્ર જન બહુ થાય છે,
અર્જુનને કૃષ્ણે કહ્યું દુઃખ પણ સર્વ સમાય છે.

૧૪૩

રાગ પ્રભાત.

કર્મ કરવા પરંતુ ન દીલમાં કદી, હું કરૂં છું ન લાવીશ ભાઇ,
નીત્ય કર્મો તણો ત્યાગ નવસંભવે, મોહથી દૂર કરવું ન કાંઇ.
કર્મ૦

ઉપજતું દુઃખ દેખાય કર્મો થકી, પામીને ભય કરે ત્યાગ પ્રાણી,
કઠણુ ફળ ત્યાગનું રજ થકી જે ગણ્યું, શાસ્ત્ર પ્રત્યક્ષ કહે છે પ્રમાણી
કર્મ૦

રહીત અભીમાનથી કર્મ કરતો રહે, વાસના સર્વ ફળનીજ ત્યાગી,
ત્યાગ સાત્વીક એવું કહ્યું શાસ્ત્રમાં, વાત નીશ્ચય ખરી એમ લાગી.
કર્મ૦

જે જનો મેં મુખેથી કહ્યા શ્રેષ્ટ તે, સુખને દુઃખ ધરતાં ન ચીત્તે,
સર્વ કર્મો કદાપી ન અળગા રહે. ફળ તણું ત્યાગ કરવુંજ પ્રીતે.
કર્મ૦

એ રીતે ત્યાગ સંપૂર્ણ જેણે કર્યો, અશુભ શુભ કર્મ કંઇ એ ન લોપે,
દાસ જયરામ નોખે પ્રકારે કરી, વાર્ણવી ગુણ પ્રભુના વિલોકે.-કર્મ૦

૧૪૪

દોહેરા.

કારણ પાંચ થકી કહ્યા કર્મ તણા ફળ સાર,
ભેદ કહું છું વર્ણવી પ્રગટ પાર્થ નીરધાર.
શરીર વિષે ગુણ બે રહ્યા ત્રીજો કરતા જાણ,
સાથ ન ચોથું જાણવું દૈવ પંચ પરમાણ.
કાયા મન વચને કરી જે કંઇ કર્મ કરાય,
કારણ પાંચ અવશ્ય ત્યાં નીશ્ચય રહે સદાય.

૧૪૫

છપ્પો.

ધરે ન ઉર અભીમાન કર્યું મેં એમ ન જાણે,
કર્મ કરે નીજ હાથ કદી હુંપદ નવ આણે.
એવા જન જગમાંય પાપ કે પુણ્ય થકી તે,
મેં નવ દીઠા કયાંય હણાયા હોય નકી તે.
વળી કરતાં સાધન કર્મથી ત્રણ પ્રકાર ઉદ્ભવ થતાં,
જયરામ કહે વિસ્તારથી બીજા પણ કરીએ છતાં.

૧૪૬

છપ્પો.

બીજા ગુણો ત્રણ કહું પાર્થ સાંભળ તું પ્રીતે,
ચતુર ચીત્તમાં ચાહ્ય શાસ્ત્ર કહે છે જ કથી તે.

જ્ઞાન કર્મ કરતાંજ તણા ગુણ હુંજ વખાણું,
વ્યાપક ઇશ્વર એક ચરાચરમાંજ પ્રમાણું.
વળી મૃદુલ મનોહર જ્ઞાન તે સાત્વીકમાંજ ગણાય છે,
શ્રી કૃષ્ણ કહે અર્જુન સુણો સમ દ્રષ્ટી કહેવાય છે.

૧૪૭

છપ્પો.

આત્મા એકજ છતાં વિવિધ રૂપોમાં દેખે,
જીવ ચરાચર માંય અલગ રહેલું જે દેખે.
એવું જે કંઇ જ્ઞાન રજોગુણમાંજ ગણાયું,
પ્રગટ રહ્યું પરખાય ભ્રમણ કરતુંજ ભરાયું.
વળી કંઇ પણ કાર્ય વિના જનો જયાં ત્યાં જઇ અથડાય છે,
એ જ્ઞાન તમોગુણથી રહ્યું શાસ્ત્ર વિષે વખણાય છે.

૧૪૮

બળુ છું પ્રેમ આગમાં—એ રાગ.

રહીત રાગ દ્વેષથી કરેલ કર્મ જે,
ગણાય સત્વમાં થકી બનેલ પાર્થ તે.—રહીત૦
ઘણુંજ કલેશ યુક્ત કર્મ જે કરાય છે,
પુરાણ આદીમાં રજોગુણી ગણાય છે.—રહીત૦
મોહથી કદાપી કર્મ જે કરે જનો,
નકીજ પાર્થ જાણ તે કનીષ્ઠથી બન્યો.—રહીત૦

૧૪૯

શાર્દુલવિક્રિડીત.

કર્તા સાત્વીક જે ખરા જગતમાં જેમાં રહી સન્મતી,
કાર્યો સૌ કરતાં છતાં મન વિષે જે ગર્વ ધરતો નથી.
ઇચ્છાઓ અતીશે રહી ફળ તણી તેમાં રહ્યો મગ્ન જે,
લોભેથી લપટાઇ આ જગતમાં કરતોજ જે કર્મ તે.
જન એવા અતિ દુષ્ટ હિંસક અને કલેશો થકી જે ભર્યા,
નીશ્ચય તે પ્રગટ્યા રજોગુણ થકી એ અર્થમાં સાંપડયા.
જેની છે મતી મંદ ને જડ પણું કપટી અને મૂર્ખ જે.
કંઇ પણ કાર્ય વિષે વિચાર કરતાં જે દિર્ઘ સુત્રીજ છે.
દાઝે અંતરમાં સદા દુઃખ થકી ને કલેશ પામે ખરો,
કહેવાયો જન પાર્થ આ જગતમાં ગુણ તામસી ત્યાં ઠર્યો.

૧૫૦

હરિગીત.

બુદ્ધિ અને ધીરજ તણા ગુણ ત્રણ પ્રકાર થકી કહ્યા,
સંક્ષેપમાં વર્ણન કરૂં કૈ રીતથી પ્રગટી રહ્યા.
જેનાથી કાર્ય અકાર્ય કે ભય અભય કે બંધન થકી,
ગુણ દોષ સર્વ જણાય તે બુદ્ધિ સરસમાંથી નકી.
કરવું ન કરવું અશુભ શુભ વૃત્તી વિષે ન જણાય તે,
બુદ્ધિ રજો ગુણમાં થકી પામી વિજય કહેવાય છે.
દ્રષ્ટિ થકી જોતાં છતાં ઉચ્ચાટ કલેશ મટે નહિ,
તું જાણ પાર્થ તમોગુણી બુદ્ધિ તણું ફળ છે અહિં.

આગળ પછી ધીરજ તણું વ્યાખ્યાન શુભ સમજાવિયું,
રચી છંદ જયરામે અહિં વર્ણન કરીને છે કહ્યું.

૧૫૧

ઉપેંદ્ર વજ્રા છંદ.

તે ધૈર્ય સર્વ થકી શ્રેષ્ટ સદા ગણાય,
કાર્યો વિવેક વશ વર્તિ રહ્યા સદાય.
આશા રહી ઉર વિષે ફળની અનાદી,
તે જાણ પાર્થ ધૃતી રાજસની પ્રસાદી.
જે ધૈર્ય ઉત્પન્ન તમોગુણથી થએલી,
જેમાં ઘણા દુઃખ અને ભયથી ભરેલી.
ને સ્વપ્ન મોહ ફરી જેથી પ્રકાશ પામે,
પરખાય ધીરજ તમોગુણનેજ નામે.

૧૫૨

શાર્દુલવિક્રિડીત.

અભ્યાસાદિકથી પમાય સુખ તે, વર્ણન કરીને કહું,
સાંભળ તે કે રીતથી પ્રગટતાં, સંસ્કાર તેના સહુ.
પહેલાં દુઃખ અને પછી સુખ મળે, એવાં થતાં કાર્ય જે,
ને અંતર સુખથી રહ્યા, મગન તે સુખ મેં ગણ્યું સાત્વીકે.
વિષયોના સુખમાં રહી મધુરતા, પણ છેવટે દુઃખ છે,
એવું જે સુખ તે ગણ્યું સકળ મેં, નિશ્ચય કરી રાજસે.

નિદ્રાલસ્ય પ્રમાદને સુખ ખરૂં, જે મોહથી સાંપડે,
જાણો પાર્થ કનિષ્ટ સર્વ થકી તે, સેવ્યા થકી તે નડે.
દેખી વસ્તુ ન એવી કયાં જગતમાં, ત્રૈગુણ્ય જેમાં નહિ,
મૃત્યુ સ્વર્ગ અને પતાલ સહુમાં, ખાલી વિના એ નહિ.

૧૫૩

દોહરા.

ચાર વર્ણ તણા જુઓ, કર્મ અને સ્વભાવ,
ત્રણ ગુણથી વર્તિ રહ્યા, સાંભળ પાર્થ પ્રભાવ.
વશ રાખે મન ઇંદ્રિયો, અને શુદ્ધ છે ચિત્ત,
સરળ સ્વભાવે ચાલવું, વિપ્ર તણી એ રીત.
અધિક બળ પ્રાક્રમ, સદા રહે ભરપૂર,
ધર્મ વિષે તત્પર રહે, ક્ષત્રિય તે નર શૂર.
ઉલટ અતિ વ્યાપારમાં, ગો રક્ષાપર પ્રિત,
વૈશ્ય ખરા તે જાણજો, વદુ નહિ વિપરીત.
સેવા શુદ્ધ મને કરે, મુખ્ય ધર્મ એ ખાસ,
શુદ્ર શ્રેષ્ટ જાણો તમે, સત્ય સ્વભાવ પ્રકાશ.
એ રીતે નીજ કર્મમાં, મચી રહ્યા નર જેહ,
પ્રતાપ કર્મ બળે કરી, મટે સર્વ સંદેહ.
સાંભળ પાર્થ હવે કહું, સિદ્ધ કરે સૌ કાજ,
વર્ણન તે વિગતે કરૂં, કુંતી સુત સુણ આજ.

૧૫૪

ઉપેંદ્રવજ્રા છંદ.

પાળે સ્વધર્મ દ્રઢ નિશ્ચયથી પ્રમાણ,
પામી રહ્યા સકળ સિદ્ધ ખરા સુજાણ.
લાગે કદાપી નીજ ધર્મ પૂરી અનિષ્ટ,
સંકલ્પ રાખ મન સર્વ થકીજ શ્રેષ્ટ.
નિર્દોષ કર્મ નજરેથી ન કયાંય જોયા,
દ્રષ્ટાંત ધુમ્ર મહીં પાવકનુંજ લ્યો હ્યાં.

૧૫૫

ભુજંગી છંદ.

ઘણાં વિઘ્ન આવે પરંતુ સ્વધર્મ,
ન છોડે કદાપી જનો જે સ્વકર્મ;
એવી શક્તિ આવે મહા વેગવાળી,
ઘડીમાં બધાં કર્મ દેતાંજ ટાળી.
એવી યોગ્યતાને થશે પ્રાપ્ત યોગી,
થયા સર્વ સિદ્ધિ તણો તેજ ભોગી;
કહું સર્વ તે વાત સંક્ષેપમાં હું,
પ્રથા પુત્ર જેથી જ જાણીશ તેં તું.
ધરી ધૈર્ય રાગાદિકોને જ ત્યાગી,
વિષય શબ્દને હોમતો તે અનાદિ;
ધરે ધ્યાન યોગી અતિશે વિવેકે,
મન વાણી કાયા થકી તે સપ્રિતે.

અહંકાર આદિ મહા દુષ્ટ વૃત્તિ,
રહ્યો છે વિકારો તણો વેગ જીતી;
ખરે પાર્થ તે બ્રહ્મ પોતેજ પ્રાણી,
ખરી બ્રહ્મની યોગ્યતા ત્યાં સમાણી.
અધિકાર એવો થયો પ્રાપ્ત જ્યારે,
ગયું શોકને હર્ષનું મૂળ ત્યારે;
જુએ જગ્તમાં એક સાચું સ્વરૂપ,
મુજ ભક્તિ પામ્યો ખરી તે અનુપ.
પ્રભુ પાર્થને જે કહી દિવ્ય વાણી,
રચી છંદ જયરામ કહે છે વખાણી;

૧૫૬

હરિગીત.

સંકલ્પ સૌ મનના તજી પદપંકજે પ્રિતી ધરે,
શુભ અશુભ કર્મ કર્યા વિના, મુજમાં ખરેખર તે ભળે;
મુજ વચન માનીશ તો કદિ મન માર્ગ મુકી ન કંઇ ચડે,
જન કેક કાળ ગયા પછી નીજ તેજમાં નિશ્ચય મળે.
મારાં વચન મિથ્યા કરી કાયરપણું નવ છોડશો,
તો પાર્થ આ સંસારમાં અપયશપણું ઝટ જોડશો;
માટે ભલા થઇને તમો કૈરવ હણો ભુજના બળે,
જયરામ પ્રભુનાં વાકય તે ટાળ્યાં કદી પણ નહિ ટળે.

૧૫૭

વસંતતિલકા.

વશ મોહને થઇ કરો કદિ ના લડાઇ,
આ બોલવું પણ વિચાર ભરેલ ભાઇ;
ક્ષત્રિય વંશ તણી એજ જણાય નીતિ,
રાખે રણે કદિ ન શત્રુ તણી જ ભીતી.

૧૫૮

છપ્પો.

પુતળીઓ દેખાય યંત્રમાં હોય જડેલી,
ફરે ચક્રની સાથ તેમ માયાજ રહેલી.
વ્યાપક ઇશ્વર એક રહ્યો તેમાંજ સમાઇ,
તેમજ આ સંસાર રહ્યું મુજથી જ જણાઇ.
તું શરણે જા તેમને પ્રભુ, કાજ સર્વે કરે,
જન્મ મરણનું ભય સહુ, નિશ્ચય તે પ્રભુજી હરે.

૧૫૯

છપ્પો.

છાનું આ સહુ જ્ઞાન વર્ણવ્યું મેં તુજ પાસે,
મનમાં કરી વિચાર વિજય કર વિના પ્રયાસે.
શિવાય તુજથી અન્ય નથી પ્રિય મુજને કોઇ.
સખા સત્ય હું વદું કરી નિશ્ચય લે જોઇ,

વળી નમસ્કાર આદિ ક્રિયા પૂજન પણ કર માહરૂં,
ભક્તિ પ્રેમ થકી કરો શુભ ઇચ્છું હું તાહરૂં.

૧૬૦

લાવણી.

મુકીશમાં મરજાદ સખા કર યાદ વચન સૌ મારા,
હું પૂર્ણ મનોરથ કરૂં ન જાણીશ ન્યારા.
છઉં એક જગતનો નાથ સમજ મન માંહી,
થઇ શરણ તજી દે શોક કરીશ નવ કાંઇ.
કરવું ન કથન આ શાસ્ત્ર અભક્ત જ પાસે,
વૃત નિયમ ન કરતો હોય ઉમંગ ઉલાસે.
મુજ કથા શ્રવણ ના સમય રહે છે અળગો,
એવા પાપીની સાથ કદી નહિ વળગો.
મેં રચી દિવ્ય આ કથા સુણો સૌ ભાઇ,
જયરામ દાસ બહુ પ્રિત થકી અહિં ગાઇ.

૧૬૧

હરિગીત.

સૌથી પવિત્ર રહસ્ય આ ગીતા તણું નર જો પઢે,
આનંદમાં દીન ગાળતાં યશ કીર્તિ ધન વૈભવ મળે;
જાહેર કરતાં જે રહે મારી કૃપા તે પર થશે,
સંસારના સુખ ભોગવી અંતે પરમ પદમાં જશે.

પુરૂષો વિષે સૌથી સરસ નર કપટ હિણુ જણાય છે,
નિશ્ચય કરી અતિશય મને પ્રિય પાર્થ તેજ ગણાય છે.
વ્યાધિ અને પીડા સહુ દારિદ્રતા પણ ના દિસે,
સંસારના સુખ ભોગવી અંતે પરમ પદમાં જશે.
કરતો રહે નર પાઠ જે પ્રતિ દિવસ ભાવ થકી ખરે,
ને જ્ઞાન યજ્ઞ થકી પૂજો નિશ્ચય કરી મધુરા મળે.
અંતર વિષે ઉત્સાહને ગુણ કૈક સુંદર ત્યાં વસે,
સંસારના સુખ ભોગવી અંતે પરમ પદમાં જશે.
શ્રદ્ધાથી જે જન સાંભળી બીજા કને વર્ણન કરે,
તે પુન્યશાળી પરમ પદ પ્રારબ્ધ વેગ થકી ચઢે.
તારે વિષે મુજને હજુ શંકા ખરી મનમાં વસે,
સંસારનાં સુખ ભોગવી અંતે પરમ પદમાં જશે.

ભગવાનુવાચ.

૧૬૨

દોહેરા.

શ્રવણ કર્યું શ્રદ્ધા થકી, પ્યારા પરમ સુજાણ,
સંશય હીણ થયા હશો, તેનું કહો પ્રમાણ.

અર્જુન ઉવાચ.

૧૬૩

દોહેરા.

કેશવ નીજ કરૂણા થકી, શાંત થયું જ શરીર,
હું શરણાંગત આપનો, થયો આજ રણધીર.

હુકમ થતાંની વારમાં, હાથે લઇ હથીઆર,
શત્રુના સામે ચઢું કંઇ ન લગાડું વાર,

સંજય ઉવાચ.

૧૬૪

દોહેરા.

પ્રગટ પાર્થ પ્રભુજી તણો, આ ઉત્તમ ઇતિહાસ,
મેં જે કાને સાંભળ્યું, તેજ કર્યું પ્રકાશ.
મુખ વાણી શ્રી કૃષ્ણની, વ્યાસ કૃપાથી સાર,
આવી છે અવનીપરે, શ્રવણ કરો સૌ સાર.
સંજય નૃપ પ્રત્યે કહે યાદ થતાંની વાર,
આ રહસ્ય ઉત્તમ ગણો, વ્યાપે હર્ષ અપાર.
વિશ્વ રૂપને નિરખતાં, અંગે ઉલટ ન માય,
અચરજ પામું મન વિષે, કહ્યું મુખે નવ જાય,
જ્યાં સમર્થ શ્રી કૃષ્ણજી, અને પાર્થ રણધીર,
કૃપા કરે જેના પરે, છે સુખ સૌ ત્યાં સ્થિર.

અધ્યાય ૧૮ મો

સંપૂર્ણ.

અગાઉથી થનારા ગ્રાહકોનાં મુબારક નામ.

૫	મુરબી શેઠ ધરમસી ભવાનજી	કચ્છ અંજાર
૨	શેઠ વલભદાસ ગોપાલદાસ	,,
૧	ઠ. લાલજી ડુંગરસી	કચ્છ મોથારાવાળા
૧	,, જયરામ કરશનદાસ	કચ્છ જખૌ
૧	,, ગોવંદજી સુંદરજી	કચ્છ અંજાર
૧	,, રામજી કાનજી	કચ્છ સાભરાઇ
૧	,, વેલજી લાલજી	કચ્છ અંજાર
૧	,, મુળજી પરષોતમ સુતરવાળા	ભીવંડી
૧	,, વાલજી ઓધવજી	,,
૧	,, રણછોડદાસ ભાણજી	,,
૧	જોશી મોનજી મુળજી	,,
૧	ઠ. અમરશી કાનજી	,,
૧	ભાઇ ગોવંદજી રવજી	,,
૧	શેઠ રતનશી ગોપાલજી	,,
૧	શેઠ લખમીદાસ કુંવરજી	,,
૧	શેઠ ઠાકરસી ધરમસી કાપડીઆ	,,
૧	ઠ. જેઠા જેરામ પુજારા	મુંબઇ

૧	ઠ. લખમીદાસ ગોરધનદાસ તમાકુવાળા	
૧	શેઠ નથુ લખમીદાસ	પડધા
૧	,, વલભદાસ દયાળ	મુંબઈ
૧	,, સુંદરજી નથુ	,,
૧	ઝવેરી ઠક્કર દેવજી શીવદાસ	,,
૧	શેઠ ડુંગરસી નાગજી	,,
૧	,, ખેરાજ નાગજી	,,
૧	,, ભગવાનદાસ મોરારજી	,,
૧	ઠ. મેઘજી લાલજી	,,
૧	,, હરીરામ ભાણજી	,,
૧	,, બાલુ સુંદરજી	,,
૧	,, ધરમશી વશરામ ભાટીઆ	,,
૧	શેઠ મનમોહનદાસ કાસીદાસ	,,
૧	પંડયા ભવાનીશંકર ઉમેદરામ જરીવાળા	,,
૧	જોશી પ્રેમજી જેઠા	,,
૧	જોશી મયાશંકર સુરજી	,,
૧	શેઠ હીરાલાલ રામચંદ્ર	,,
૧	શેઠ કરશનદાસ ભવાન	લીમડી

સૂચના.

આ પુસ્તક મળવાનું ઠેકાણું:—

મુંબઈ કાંદાવાડી, નારાયણ વાડીની પાસે કાકડવાડીના નાકા ઉપર શેઠ ધરમસી ભવાનજી હરભમના માળામાં પેલે દાદરે.

જોસી દામોદર જેરામ પાસેથી મળશે.

મુંબઈ, ગીરગામ પોષ્ટ નંબર ૪.

કર્તા:—જોશી જયરામ રવજી ભાગલીયા.